Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૯ મું. } { વૈશાખ
અંક ૨ જો. } { સંવત ૧૯૭૯.

## અનુક્રમણિકા.


૧-૨ પ્રભુમાં પ્રેમ, ચેતનને ઉપદેશ. (અમૃતલાલ માવજી) ૩૫
૩ ભાવી યાને કુદરતનો સંકેત ,, ૩૬
૪ કેટલાક ખુલાસા, .... .... .... .... ૩૬
૫ વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા (મુનિ કસ્તુરવિજય) ૩૭
૬ ઉપદેશ. (સન્મિત્ર કર્પૂરવિજયજી) ૩૮
૭ આપણી દશા પલટાવવા શું આદરવું ઘટે છે ? ,, ૩૯
૮ વિચારણા અને અવલોકન. (મૌક્તિક) ૪૦
૯ હિતશિક્ષાના રાસનું રહસ્ય. (તંત્રી) ૪૭
૧૦ અંબાજીના અને કુંભારીઆજીનાં મંદિરનો મુકાબલો.(વસંત)૫૨
૧૧ પ્રશ્નોત્તર. (તંત્રી) ૫૪
૧૨ મનુષ્યની ત્રણ અવસ્થા (નંદલાલ વનેચંદ દફતરી) ૫૬
૧૩ ધર્મક્રિયા વિવેક. (તંત્રી) ૫૮
૧૪ સુબોધ સંગ્રહ. (અમૃતલાલ માવજી) ૬૦
૧૫ લગ્નપ્રસંગના રહસ્યમય મુદ્રાલેખો. (જયંતીલાલ છબીલદાસ) ૬૨
૧૬ પાલીતાણા (રાજ્ય) ની પાપવૃત્તિ. (સૌરાષ્ટ્ર) ૬૪
૧૭ જૈન યુવક પરિષદ્‌ની આવશ્યકતા. (ઉત્તરો સહિત) ૬૬
૧૮ રિપોર્ટોની પહોંચ. .... .... .... .... ૬૭


વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦
પોસ્ટેજ રૂ. ૦-૪-૦
છુટક નકલ રૂ. ૦-૩-૦

પ્રગટકર્તા.
જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

[illegible] લલ્લુભાઇ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

બહાર પડેલ છે.

૧ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૧ લું-૨ જું. (આવૃત્તિ ત્રીજી.)

૧ છપાય છે.

૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૪ થો. સ્તંભ ૧૯ થી ૨૪. (થોડા વખતમાં બહાર પડશે.)
૩ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ. આવૃત્તિ ત્રીજી.
૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા. ભાષાંતર-વિભાગ ૨ જો.
૫ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી
૬ શ્રી વર્ધમાન દેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૭ શ્રી પાક્ષિક સૂત્ર ને શ્રમણસૂત્રાદિ, સંસ્કૃતછાયા, ગુજરાતી અર્થ સાથે.
૮ શ્રી નમસ્કાર મહાત્મ્ય ને કુર્માપુત્ર ચરિત્ર. (આવૃત્તિ બીજી)

૨ તૈયાર થાય છે.

૧ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૨ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર (જૈનાચાર્ય કૃત)
૩ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૨ જો. (નાના નાના પ્રકરણો-સાર્થ.)

---

## શ્રી જિનેંદ્ર સ્તુતિ.

આ નામની નાની ૩૨ પેજી એક ફારમની બુક માસ્તર માણેકલાલ નાનજી-ભાવનગર નિવાસીએ છપાવી છે. પ્રભુ ભક્તિ પ્રસંગે વાંચવા લાયક છે. કિંમત રાખી નથી. મંગાવવા ઇચ્છનારે પ્રકાશક ઉપર ઠે૦ પુંજા અમરાની ડેલીમાં કરીને પોસ્ટેજ સાથે પત્ર લખવો.

## શ્રી સૂક્તમુક્તાવળી (ધર્મવર્ગ), હિતશિક્ષા છત્રીશી, શ્રાવકની કરણીની સઝાય, રત્નાકર પચ્ચીશી.

આ ચાર વસ્તુ ગુજરાતી અક્ષરથી છપાવીને અમારા તરફથી બહાર પાડવામાં આવી છે. સહાય મળેલી છે. તેથી સંસ્થાઓમાં તેમજ અન્યને ભેટ [illegible] મોકલાય છે અને કિંમત પણ એક આનો રાખેલ છે. જૈનવિદ્યાશાળા [illegible] જૈન કન્યાશાળામાં દરેક અભ્યાસીને ખાસ કંઠે કરાવવા લાયક છે. મંગાવનારને પોસ્ટેજ મોકલવું પડે છે. પત્ર અમારા તરફ લખવો. તંત્રી.

નવા સભાસદોનાં નામ.

લાઇફ મેમ્બર.

૧ શ્રી જૈન જ્ઞાન ભંડાર. શ્રી સંઘ. [illegible] [illegible].
૨ શેઠ સુગનચંદજી ઓથરા. શ્રી નાગોર. મારવાડ.

પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર.

૩ શેઠ સોભાગચંદ ખીમચંદ. શ્રી ડુંગર.
[illegible] મોહનલાલ પીતાંબર. શ્રી ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું. ] વૈશાક-સંવત ૧૯૭૯. વીર સંવત ૨૪૪૯. [ અંક ૨ જો.

## प्रभुमां प्रेम.

જીયારે જપો પ્રભુ નામકી માલા. (૨)
જપત જપત ગુનગાન પ્રભુકો, પામત જ્ઞાન રસાલા. જીયારે. ૧
એક આધાર પ્રભુ તું હમારે, જગજીવન જગવ્હાલા. જીયારે. ૨
જ્ઞાનવિલાસી અંતરયામી, પીઓ અનુભવ રસ પ્યાલા. જીયારે. ૩
પ્રભુ ગુન સમરત સ્નેહ સવાયા, આતમ હોત ઉજાલા. જીયારે. ૪

## चेतनने उपदेश.

ચેતન ચિત્ત આતમ ધ્યાન લગાવો. (૨)
બહિરાતમ ભાવે ભવ ભટકયા, ભ્રમમય ભ્રમણ મીટાવો. ચેતન—૧
સમભાવે આશ્રવને રોકી, સંવરશું મન લાવો. ચેતન—૨
જ્ઞાન દરશ ચારિત્ર સ્વભાવે, અભ્યંતર સુખ પાવો. ચેતન—૩
અનુપમ જ્ઞાનપ્રદીપ પ્રગટતાં, અજપાજાપ જપાવો. ચેતન—૪
સોહંપદ આલંબન અદ્ભૂત, અમર અચલ ગુણ ગાવો. ચેતન—૫

શા. અમૃતલાલ માવજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# भावि याने कुदरतनो संकेत.

ઇચ્છા ન હો તેવું બને, સંકેત કુદરતનો હશે;
કરતાં પ્રયાસ ફલે નહીં, સંકેત કુદરતનો હશે. ૧
ઉદ્ધાર કરવા દેશનો, અર્પ્યું બધું નીજ દેશને;
તત્કાળ ફલ જો ના મળ્યું, સંકેત કુદરતનો હશે. ૨
સત્ય નીતિ ન્યાયના, આલંબને વર્ત્યા સદા;
ઘણું એ સહન કરવું પડ્યું, સંકેત કુદરતનો હશે. ૩
મિત્રતા રાખી બધે, મન કોઇનું ના દુભવ્યું;
પીડાશથી બારાશ થઇ, સંકેત કુદરતનો હશે. ૪
પત્ની પતિવ્રત પાલતી, પતિ પત્નીવ્રતને ધારતો;
વિયોગનું દુઃખ સાંપડ્યું, સંકેત કુદરતનો હશે. ૫
ધાર્યું સદા પરના ભલામાં, જીવનને વીતાડવા;
કરતાં ભલું બૂરૂં થતું, સંકેત કુદરતનો હશે. ૬
પ્રભુતાઈ પ્રગટન કાજ, પ્રભુજીને ખરા પ્રેમે ભજ્યા;
દર્શન થયું કે ના થયું, સંકેત કુદરતનો હશે. ૭
સન્માર્ગમાં સાધક દશા, સત્સંગદ્વારા મેળવો;
પરઆશને તજતાં ભલી, ઉજાશ અંતરમાં થશે. ૮

શા. અમૃતલાલ માવજી.

## કેટલાક ખુલાસા.

ગયા અંકમાં આપેલા સાબરમતી(?)રમાં મહોત્સવના લેખમાં મધુબિંદુના દ્રષ્ટાંતમાં પૃષ્ટ ૨૯ ઉપર વૃક્ષની પાસે શાહુડી(?) લખેલો છે તે હોવો ન જોઇએ. હાથી તેજ મૃત્યુ રૂપ બસ છે. તેજ લેખમાં પૃષ્ટ ૩૨ ઉપર શુભ ખાતામાં આપેલ રકમના લીસ્ટમાં શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં રૂા. ૫૧) લખ્યા છે તે રૂા. ૧૫૧ ) સમજવા. છાપવામાં ભૂલ થઇ છે.

અમે ભેટ આપેલા જૈનપંચાંગમાં સૂર્યોદય અને સૂર્યાસ્તનો જે ટાઇમ લખેલો છે તે મુંબઇના ગુજરાતી પંચાંગ ઉપરથી લખેલો છે, તેને વિશ્વાસપાત્ર નહીં સમજતાં જાતે સૂર્યોદય ને સૂર્યાસ્ત જોઇ ખાત્રી કરવી.

મુનિરાજશ્રી કર્પૂરવિજયજી પોતાના લેખ નીચે પોતાનું નામ લખતાં મુનિ શબ્દ વાપરતા નથી એમાં કારણ છે. વ્યવહારથી તો મુનિપણું પ્રાપ્ત થયેલ છે, પરંતુ નિશ્ચયે ગુણઠાણાની દ્રષ્ટિએ પ્રાપ્ત થાય ત્યારેજ સત્ય છે એમ માની તેઓ સાહેબ સદ્‌ગુણાનુરાગી શબ્દ વાપરે છે. તંત્રી

For Private And Personal Use Only

# "विपत्तिग्रस्त थइ दुनिया."

અત્યારે વિશ્વમાં જોતાં, દુઃખી સહુકો જણાયે છે;
વિચારો હેતુ શા માટે, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧
સજ્જનતા સત્યતા ઋજુતા, નમ્રતા ને દયાળુતા;
હૃદયથી દૂર કરવાથી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૨
અદેખી આલસુ લોભી, વિદ્વેષી ને વ્યભિચારી;
થઇને સ્વાર્થની પ્યારી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૩
સ્વજાતિ સ્નેહ છોડીને, સતાવી માનવીજનને;
થઇ કુક્ષિંભરી તેથી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૪
નજીવા સ્વાર્થને માટે, બગાડી કામ બીજાનું;
બજાવી કામ પોતાનું, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૫
બીજાની ઉન્નતિ જોઇ, ઉદ્વેગી થઇ અવર માટે;
અપાયો[1] ચિંતવી મનમાં, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૬
ભલે દુઃખી રહો બીજા, નિરંતર સુખી હું થાઉં;
વિચારી આ વિચારોને, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૭
તડફતા અન્ન જળ માટે, અનાથો સેંકડો જોઇ;
હૃદય નિષ્ઠુર[2] કરવાથી, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૮
પિતા માતા અને ભ્રાતા, ભગિની આદિ દુઃખિયાની;
ઉપેક્ષા શ્રીમદે[3] કરીને, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા.
ચઢીને માનના ઘોડે, ભલાઈ સૌ ભૂલાવીને;
ભુંડાઇમાં ઉતરવાથી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૦
સહુથી ઉચ્ચ બનવાને, અવરની ખોદણી કરીને;
પ્રશંસી વ્યર્થ પોતાને. વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૧
પરસ્પર સંપને તોડી, કરીને વૈરની વૃદ્ધિ;
ફીસાદી ખુબ બનવાથી, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૧૨
અવરને દુઃખ દરિયામાં, નાંખવા હર્ષથી પોતે;
પ્રપંચો ખુબ રચવાથી, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૧૩
જગતને ધૂતવા માટે, બતાવી ડોળ ઉપરનો;
આડંના પૂર્ણ કરવાથી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૪
સ્વદેશી રીત છોડીને, વિદેશી રીત પકડીને;
અસલનો માર્ગ તજવાથી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૫

૧ કષ્ટો. ૨ નિર્દય. ૩ લક્ષ્મીના મદથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુસ્વાદુ ભક્ષ્ય ને સુંદર, અતિ સ્વાદું તજી ભોજન;
અભક્ષ્યે ચિત્ત ધરવાથી, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૧૬
અતિ ઉત્તમ અને નિર્મળ, સ્વદેશી વસ્તુ છોડી ને;
વિદેશીમાં વિચરવાથી; વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૭
વિદેશી ઠાઠને જોઇ, લુંટાવી લક્ષ્મી પોતાની;
બની કંગાળ તેથી આ, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૮
અતિ નિઃસત્વતા ધારી, થઇ આધીન બીજાને;
ગુલામીને સ્વીકારીને, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૧૯
અહિંસાધર્મને છોડી; બની હિંસાતણા કિંકર;
દયાને દૂર કરવાથી, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા, ૨૦
કરી મોટાઈ પોતાની, સ્તુતિ કરતા ન ગુણીજનની;
રતિ ના ગુણ ગ્રહવાથી, વિપત્તિગ્રસ્ત થઇ દુનિયા. ૨૧
જગતના જીવની સાથે, યતનથી પ્રેમ નહીં પાળ્યો;
જીવનમાં ઝેર ભરવાથી, વિપત્તિગ્રસ્ત થઈ દુનિયા. ૨૨

મુનિ કસ્તુરવિજય.

## उपदेश.

## પ્રમાદાચરણ યા સ્વચ્છંદતા તજવાથી અને નિઃસ્વાર્થ—નિષ્કામપણે પ્રભુઆજ્ઞાને પાળવાથી પ્રભુસ્વરૂપ થવા-યોગ્ય બની શકાશે.

મદ, વિષય, કષાય, નિદ્રા ને વિકથા તેમજ અજ્ઞાન, મિથ્યાત્વ અને વિતથ-અસત્ આચરણ એ બધાનો પ્રમાદમાં સમાવેશ થાય છે. એકાન્ત હિતવચન કહેનાર સર્વજ્ઞ પરમાત્માનો સાક્ષાત્ સમાગમ મળવો આ દુઃષમ કાળમાં અત્રે અશક્ય છે, પરંતુ તેમની પરમ શાન્ત મુદ્રા ( પ્રતિમા ) અને તેમણે કહેલાં હિતવચનોનો લાભ મેળવવો અત્ર શકય છે, પરંતુ આળસ વિગેરે તેર કાઠીયા તેવો અપૂર્વ લાભ લેતાં જીવને નડે છે, જેવો આહાર એવો ઉદ્ગાર આવે છે; જો મર્યાદા મૂકી માદક વસ્તુઓનું ખાનપાન કરવામાં આવે અથવા ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ભૂલી અભક્ષ્ય અનંતકાય કે જેમાં અસંખ્ય સંમૂર્છિમ જીવોની સમયે સમયે ઉત્પત્તિ અને હાનિ થયા કરે છે એવા એક બીજાની સાથે મિશ્રિત ગોચરી ખાનપાન અહોનિશ કરવામાં ને કરાવવામાં આવે તો મન કે શરીરની શુદ્ધિ ક્યાંથી રહી શકે ? તેમાં મદ-વિકાર થયા વગર ભાગ્યેજ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિકાર દશા-સ્થિતિ ઇચ્છનારા ભાઇબ્હેનોએ ખાનપાનમાં અવશ્ય શુદ્ધિ રાખવી ઘટે. રજો તમોગુણવાળા ખાનપાનના પદાર્થથી અળગાજ રહેવું ઘટે. ફક્ત સાદા ને સાત્વિક નિર્દોષ પદાર્થનું ખાનપાન કરી જીવનનિર્વાહ કરવો. ઇન્દ્રિયોને મોહક પદાર્થો પ્રત્યે દોરાઇ જતી વિવેકથી અટકાવી તેને હિતરૂપ પ્રિય ને પથ્ય પદાર્થો પ્રત્યે દોરવી ઘટે. અભ્યાસ અને વૈરાગ્યવડે તેમ કરવું સુતર થશે. અતિ ઉગ્ર ક્રોધાદિક કષાયોથી આપણું સઘળું કર્યું કારવ્યું ધૂળ મળે છે, તેથી તેમાં અવશ્ય વિવેક કરવો ઘટે. અતિ ઘણી નિદ્રાથી સ્વપર-હિત થઇ નથી શકતું ને બગડે છે, તેથી તેની મર્યાદા બાંધવી અને જાગ્રત્ થઇ સ્વપરહિતમાં પ્રતિદિન વધારો કરવો. વિકથા ને કુથલીઓથી તો સ્વપરને ભારે હાનિ થાય છે, તેથી તેનો અવશ્ય ત્યાગ કરી ધર્મકથામાં મન વચન કાયાને જોડવા જોઇએ. અજ્ઞાન અને મિથ્યાત્વરૂપી અંધકારને સમ્યગ્ જ્ઞાન ને દર્શન ( સમકિત ) ના પ્રકાશથી દેઇ, સદાચરણરૂપ સંયમ યોગે અસત્ આચરણને જરૂર દૂર કરવું ઘટે. એ રીતે સાવધાનપણે ચાલવાથી આપણે પ્રભુસ્વરૂપ થવાયોગ્ય બનશું. ઇતિશમ.

(સ. ક. વિ.)

# આપણી દશા પલટાવવા આપણે સહુએ શું કરવું ઘટે છે ?

અહિંસા, સંયમ ને તપ લક્ષણ સર્વજ્ઞોક્ત ધર્મનું રહસ્ય સદ્‌ગુરૂ સમીપે યથાર્થ ભાવે જાણી સમજીને યથાશક્તિ તેને આચરણમાં ઉતારવા અહોનિશ કાળજી રાખવી જોઇએ. અહિંસા યા દયા-દયા પોકારવા માત્રથી તેની સિદ્ધિ થઇ શકશે નહિ. 'આત્મવત્ સર્વ ભૂતેષુ' યથાર્થ ભાવે લેખી, તપ સંયમને પ્રમાદ રહિત સેવવાથી જ અહિંસા યા દયાધર્મની સિદ્ધિ થઇ શકશે. અહિંસા યા દયા ડહાપણભરીજ હોવી જોઇએ, ગાંડી તો નહિં જ. મન ને ઇંદ્રિયોને કાબુમાં રાખી, વિષયાસક્તિ તજી અથવા ઓછી કરી, ક્રોધાદિક કષાયનો નિગ્રહ સાધી, પાપકર્મથી સાવધાનપણે પાછા ઓસરી ( મુક્ત રહી ). ને આપણા મન વચન કાયાને અથવા વિચાર વાણી ને આચારને આપણે અવશ્ય સુધારી શકીએ. તેમાં અત્યાર સુધી જે વિષમતા જોવામાં ને અનુભવવામાં આવતી હોય તેને ટાળી તેમાં સમતા ( એકતા ) લાવવા જરૂર પ્રયત્ન કરવો ઘટે. તેવું લક્ષ્ય અથવા ઉપયોગ કાયમ રાખવો ઘટે. પરાયા દોષ કે છિદ્ર જોવાની પડેલી કુટેવ અવશ્ય

For Private And Personal Use Only

તજવી ઘટે, અને આત્મનિરીક્ષણ એટલે આત્મામાંજ જોવાની ટેવ પાડવી પડે. તપ સંયમને યથાર્થ લાગે લેતાં અનેક દોષ-પાપની હાનિ અને જ્ઞાનાદિક નિજ-આત્મગુણની રક્ષા તથા પુષ્ટિ થવા પામે છે. એજ ખરી અહિંસા અથવા દયા લેખાય. મન અને ઇન્દ્રિયોને કાબુમાં રાખવાના અભ્યાસથી અનેક પાપાચરણથી સહેજે બચી શકાય છે. બીનજરૂરી અને દોષવાળી અનેક વસ્તુઓ વગર ચલાવી લેવાય છે, અને ખાસ જરૂરની ને નિર્દોષપ્રાય વસ્તુથી સ્વજીવન-નિર્વાહ કરી શકાય છે. એમ કરતાં કરતાં મન વચન કાયાનો સંયમ ઠીક સધાય છે, તેથી તેમાં રહેલી વિષમતા અદ્રશ્ય થતી જાય છે અને પવિત્રતા દાખલ થાય છે. એ રીતે પવિત્ર ધર્મના આચરણથી આપણું જીવન દિવ્ય અને ભવ્ય જનોને અનુકરણ કરવા યોગ્ય બને છે અને એજ કર્તવ્ય છે. **ઇતિશમ્.**

(સ. ક. વિ.)

# વિચારણા અને અવલોકન.[1]

સંસારચક્રમાં બહુ પ્રકારની બાબતોનો વિચાર કરવાનો છે, મનુષ્યજીવનની ઉત્કૃષ્ટતા એવા પ્રકારની વિચારસરણીની પ્રાપ્તિને લઇને ગણી શકાય છે. આખી જીંદગી એ એક મહાન્ અને વિકટ પ્રશ્ન છે; અને એ પ્રશ્નના ફતેહમંદ નીકાલમાં આખા જીવનની ફતેહનો આધાર રહેલો છે. જીવનનું સાફલ્ય વધતે ઓછે અંશે વિચાર અને વર્તનની શુદ્ધતાપર આધાર રાખે છે અને સાફલ્યમાં તેથી તરતમતા ઘણી રહે છે. જે પ્રાણીઓ આ જીવનને મોજશોખનું સાધન માને છે, જેઓ આ જીવનમાં ઇંદ્રિય-તૃપ્તિ કરવાનું જ સાધ્ય રાખે છે, જેઓ વખતે કવખતે કામવાસનાને આધીન થઇ જાય છે, જેઓ ધન-પ્રાપ્તિના અસાધારણ પણ નિરર્થક પ્રયાસમાં રાતદિવસ મશગુલ રહે છે, જેઓ ધનને કે વિષયને જીવન-પ્રાપ્તિનો છેલ્લો શબ્દ ગણે છે, જેઓ જીવનની કિંમત રૂપીઆના અથવા મોજશોખના વિલાસના સરવાળામાં આંકે છે, જેઓ રાત્રિ દિવસ ધમાધમ કે પ્રવૃત્તિ કરવામાં મોજ માને છે, અથવા કોઇ કાર્ય કે દિશા

1. એક મુમુક્ષુની રોજનિશી (ડાયરી) માંથી 'પ્રસંગોપાત તેને થયેલા વિચારોનું અવતરણ.' આ શિર્ષક નીચે અવારનવાર વિચારણા અને અવલોકનનાં ખ્યાલ છૂટા છૂટા આવશે. એ લેખ માટે જવાબદારી લેખકની છે. આખો લેખ કદિ પૂરો થવાનો નથી, પણ એમાં જેમ જેમ આગળ પ્રવેશ થશે તેમ તેમ સંસારરચનાના નવા કાટખૂણા દેખાવાના છે. આ લેખ શાંતિના વખતમાં એકાંતમાં વાંચવો અને વાંચ્યા કરતાં વધારે વખત તેપર વિચાર કરવો. એવા વિચારને પરિણામે અનુભવની સ્ફુરણા થશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન સુજવાથી જેઓ આખો વખત આળસમાં, નિંદામાં, વાતો કરવામાં, ઘેઘું પાડવામાં, ટીકા કરવામાં ગાળે છે; જેઓ રાજખટપટ કે તિરસ્કારનાં વાદળો વરસાવવામાં, લાકડા લડાવવામાં કે અન્યને ભોગે પોતાનો ઉત્કર્ષ સાધવામાં જીવનલક્ષ્ય દોરે છે. આવા આળસુ કે અપ્રશસ્ત પ્રવૃત્તિવાળાને આ વિચારણામાં સ્થાન નથી, સંસારના કીડાઓને આ ચર્ચા કરવાનો અધિકાર નથી અને આ ભવમાં મળેલા કે મેળવવા ધારેલા વૈભવસુખમાં ઇતિકર્તવ્યતા સમજનારને અત્ર કોઈ પ્રકારનો લાભ કે સ્થાન નથી.

× × ×

પ્રથમ વિચાર તો એ પ્રાપ્ત થાય છે કે આ જીવનનું સાધ્ય શું ? જ્યાંસુધી પ્રાણી સાધ્યનો નિર્ણય કરતો નથી ત્યાં સુધી તેના સર્વ પ્રયત્નો નકામાં થાય છે. વહાણનો માલમ કયાં જવું છે તેનો નિર્ણય કરે છે, રેલવેમાં બેસનારો પોતાના અંતિમ સ્થાનની ટીકીટ ખરીદે છે, ગાડામાં બેસનાર ચોક્કસ સ્થળે પહોંચવાનું ભાડું ઠરાવે છે. આવી રીતે કોઈપણ પ્રવૃત્તિનો વિચાર કરીએ તો જણાશે કે દરેક પ્રાણી વ્યવહારદ્રષ્ટિએ કોઈપણ ક્રિયા કરે છે તેમાં તેની નજર અમુક ચોક્કસ પરિણામ નીપજાવવાની હોય છે. તે સાધ્ય પ્રાપ્ત કરવાનાં જો યોગ્ય સાધનો યોજે તો તે સાધ્ય પ્રાપ્ત કરે છે અથવા બીજા ત્રીજા પ્રયત્નો કરીને—અવનવી યોજના કરીને પણ બની શકે ત્યાંસુધી તે સાધ્ય પ્રાપ્ત કરવા પાછળ પડે છે. કોઈ પણ વ્યવહારૂ કાર્યના સંબંધમાં પણ વિચારણા કરવામાં આવશે તો આ નિયમ સતત્ જળવાઈ રહેતો જણાશે અને તેટલા માટે વ્યવહારદક્ષ પુરૂષો કહે છે કે ‘ મૂર્ખ માણસ પણ પ્રયોજન વગર પ્રવૃત્તિ કરતો નથી. ’ વ્યવહારનો આ સાદો નિયમ છે, જાણીતો નિયમ છે, સમજુને અને મંદ મતિવાળાને પણ બહુધા એક સરખી રીતે લાગુ પડતો નિયમ છે. તદ્દન અક્કલહીન ગમાર કે ગાંડા માણસને બાદ કરતાં આ અબાદ લાગુ પડતો નિયમ આખા જીવનને લાગુ પડે છે કે નહિ ? તે હવે વિચારીએ.

આપણે જીવનની નાની નાની પ્રવૃત્તિઓ પણ પ્રયોજન વગર કરતા નથી એમ લાગે છે અને સવારે ઉઠવા પછીના દરેક કાર્ય તપાસશું તો અંદરખાને તેમાં યોજના અને હેતુ આપણા વિચાર અને યોગ્યતા પ્રમાણે લાંબે કે ટુકે અંતરે જણાશે. આવો સાદો નિયમ આખા જીવનને લાગુ પડે છે ? આપણી નાની પ્રવૃત્તિઓમાં પ્રયોજન હોય છે તો આપણા આખા જીવનની પ્રવૃત્તિમાં કાંઈ પ્રયોજન, કાંઇ યોજના, કાંઈ સરખાઇ, કાંઈ સાધ્ય નિર્ણય, કાંઈ સાધ્ય સાન્નિધ્ય, કાંઈ સાધ્યપ્રાપ્તિના ઉપાયોનું સંગઠન—આવું કાંઇ જણાય છે ? છે તો કેટલાને છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તો કેમ નથી? હોય તો શું અને કેવું હોવું જોઇએ? વિગેરે બાબતનો વિચાર કર્યો છે? ન કર્યો હોય તો આપણી ગણના શેમાં થાય? 'મંદ પ્રાણી પણ પ્રયોજન વગર પ્રવૃત્તિ કરતો નથી' એમ આપણે ઉપર જોયું, તો પછી આમ હોય તો તો આપણે 'મંદ' માંથી પણ ગયા. ત્યારે આ પ્રસંગે આપણે આવા આવા વિચારો કરીએ. વળી કોઇ વાર આવા પ્રકીર્ણ વિચારોનો સમન્વય કરશું.

ત્યારે આ જીવનનું સાધ્ય શું? આપણી નાની અને મોટી પ્રવૃત્તિઓનો અંદરખાનેથી હેતુ તપાસવાની જરૂર છે. તેમાં પણ હેતુના બે પ્રકાર છે. એક તો સાન્નિધ્યમાં રહેલા હેતુને અંગે કાર્ય થાય છે અને એક એ હેતુને પરિણામે બીજો હેતુ હોય છે અને છેવટે અંતિમ હેતુ હોય છે. આપણે કલમ હાથમાં લઇએ ત્યારે સાન્નિધ્યમાં તો કાંઇ લખવાનો કે નામુ માંડવાનો હેતુ હોય છે, પણ કોઇ લખવા ખાતર લખતું નથી, ચોપડા તૈયાર કરવા ખાતર નામું માંડતું નથી. આપણે દેરાસરે જઇએ તો જવા ખાતર જતા નથી, પણ એ જવામાં કાંઇ હેતુ હોય છે. એ હેતુની પરંપરા વિચારીએ તો છેવટ અંતિમ હેતુ સમજાય છે, એ અંતિમ હેતુ સ્પષ્ટ હોય, ચોક્કસ હોય તો જ આપણી સર્વ ક્રિયાઓ તેને અનુલક્ષીને થાય છે. આપણે ઘેરથી ફરવા નીકળીએ અને કયાં જવું છે તેનો નિર્ણય ન હોય અને આપણા મનની ડામાડોળ સ્થિતિ હોય તો આપણી ગતિ કેવી થાય છે? આપણે ટ્રામમાં બેસીએ અને કયાંની ટીકીટ લેવી છે તે આપણે જ જાણતા ન હોઇએ તો આપણને કેવા ખ્યાલો થાય છે? જીવનપ્રવૃત્તિમાં કાંઇ આવું દેખાય છે? દેખાય છે તો તેના કારણો શું છે? કારણો હશે એવો કોઇ વખત વિચાર પણ કર્યો છે? ન કર્યો હોય તો પછી આપણી 'મંદ' માં પણ ગણના થાય કે તેથી પણ ઓછી હદે પહોંચીએ? તે વિચારવા યોગ્ય છે.

અહીં પ્રશ્ન થાય છે કે શું આપણે જે પ્રવૃત્તિ કરીએ છીએ તેનો હેતુજ નથી કે આપણે વિચાર કરતા નથી? આવી અસંભવિત વાતની સ્થાપના કરી હોય અને પછી તે પર નિર્ણયો બાંધવા માંડ્યા હોય તો તેમાં ભૂલ લાગશે. તેટલા માટે પ્રથમ એ વિચાર કરવાની જરૂર છે કે આપણા સર્વ કાર્યોના સમીપના હેતુઓ તો આપણી બુદ્ધિ-શક્તિની ખીલવણીના પ્રમાણમાં ઓછે વધતે અંશે જાણવામાં હોય છે, પણ અંતિમ હેતુનો ખ્યાલ હોતો નથી, હોય છે તો ઘણો અસ્પષ્ટ હોય છે અને એના વચ્ચેનાં સાધનોમાં ઘણી ગેરવ્યવસ્થા હોય છે. એના થોડા દાખલા વિચારીએ. એક અભ્યાસી વિલાયત જઇ બહુ ખર્ચ અને કાંઇક પ્રયાસ કરી બેરિસ્ટરની પદવી સંપાદન કરી આવ્યો. તે એક સમજુ યોગી પાસે ગયો. યોગીને પોતાના દૂર દેશની મુસાફરી અને અભ્યાસની વાત કરી. પછી તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેરિસ્ટર–‘ આ પ્રમાણે છેવટે પરીક્ષા પસાર કરી ગઇ કાલે જ હું અહીં આવ્યો છું.’
યોગી—‘ બહુ સારૂં, હવે શું કરશો ?’
બેરિસ્ટર—‘ હવે કોરટમાં કેસો ચલાવીશ, વકીલાત કરીશ.’ યોગી—‘ પછી ?’
બેરિસ્ટર—‘ પછી પૈસા કમાવા માંડીશ.’ યોગી—‘ પછી ?’
બેરિસ્ટર—‘ પછી બૈરી પરણીશ, ઘર માંડીશ.’ યોગી—‘ પછી ?’
બેરિસ્ટર—‘ પછી મોટર લઈશ.’ યોગી—‘ પછી ?’
બેરિસ્ટર—‘ પછી સારો બંગલો બંધાવીશ.’ યોગી—‘ પછી ?’
બેરિસ્ટર—‘ પછી ઘરમાં ઘરેણાં વસાવીશ, વાસણ, ફરનીચર, કપડાં, સાડીઓ વિગેરે લઇશ, વીજળીની બત્તીઓ પંખા વિગેરે શોભા કરીશ, જીવનના અનેક લ્હાવા લઈશ.’ યોગી—‘ પછી ?’
બેરિસ્ટર—‘ સાહેબ, પછી પછી શું કરો છો ? પછી મરી જઇશ.’

આવી વાત છે ! **પછી મરી જઇશ** એ કહેતી કહેવાઈ તો ગયું, પણ વિચારવાન્ હોવાથી તેને અંગે વિચારશ્રેણી ચાલી. આ પ્રમાણે વ્યાપારી કે નોકર, શિક્ષક કે સેવક, વૈદ્ય કે ડોકટર, ઇજનેર કે શીલ્પી, સુતાર કે દરજી, ન્યાયાધીશ કે અમાત્ય ગમે તેને બરાબર વિગતવાર પૂછવાથી જણાય છે કે અમુક અમુક બાબતો કરવા પછી છેવટનો જવાબ જો તે ઉડાવશે નહિ તો ‘ મરી જઈશ ’ એ આવશે. સમજુ માણસની આ દશા હોય ? અનેક પ્રવૃત્તિ કરીને છેવટે ‘ મરી જઇશ ’ એવી ઠેકાણા વગરની વાત હોય ? અને એવડી બધી પ્રવૃત્તિના પરિણામે પાછું કાંઇ ન રહેવાનું હોય તો થોડા વર્ષના પંખીડાના મેળા ખાતર અનેક ધમાલ, કાવા–દાવા, કારસ્થાન અને ગોટાળા કરવા, ઉંઘ વેચી ઉજાગરા કરવા, ટાઢ તડકો સહન કરી ભારો ખેંચવા, સાચું ખોટું કરી હવેલીઓ બાંધવી અને પછી ‘ **પછી** મરી જઇશ.’ એવો જવાબ આપવો, એમાં કાંઇ સમજણ, એમાં કાંઇ વિચારણા, એમાં કાંઇ દીર્ઘદૃષ્ટિ, એમાં કાંઈ સાપેક્ષ વૃત્તિ, એમાં કાંઈ સાધ્યસ્પષ્ટતા લાગે છે ? એવો જવાબ છેવટે આપવો પડશે એવું લાગતું હોય તો કોઇ સમજુ માણસ પ્રથમથી જવાબ આપવાની ધૃષ્ટતા પણ કરે ખરો ? અને એ સિવાય બીજો કોઈ પણ જવાબ ચાલુ વ્યવહારૂ માણસો જેને દુનિયા ‘ ડાહ્યા ’ અથવા ‘ વ્યવહાર દક્ષ ’ કહે છે તેના સંબંધમાં આવે અથવા હોઇ શકે ખરો ? આ સર્વ બાબતો વિચાર કરવા યોગ્ય છે.

આ સંબંધમાં તદ્દન આત્મિક દૃષ્ટિએ એકાંત સ્થાનમાં બેસી આત્માની સાક્ષીએ સમજુ પ્રાણી વિચાર કરે તો આખી પ્રવૃત્તિના અંતિમ સાધ્ય માટે બહુ ખેદ થાય તેવું છે; અને એમ લાગશે કે આ તો આખો રસ્તો જ ભૂલી

For Private And Personal Use Only

ગયા છીએ, આપણા વહાણને હોકાયંત્ર જ નથી, વહાણનું સુકાન જ વિસરાઈ ગયું છે, અને આવા સુકાન અને હોકાયંત્ર વગરના વહાણને તો પછી જેવો પવન લાગે તે પ્રમાણે અસ્તવ્યસ્તપણે ખેંચાઈ જવાનું રહ્યું. એવા ધકકેલા ખાતા લક્ષ્યવિહીન રખડતા સુકાન વગરના વહાણને પોતાની આલમગીરી નીચે આવી પડેલું જોઈ વિચારવાન્ હશે તે ખેદ પામશે, મુંઝાશે અને પોતાની યોગ્યતાની કિંમત આંકી પોતાની જાત ઉપરજ દયા ખાશે. આવી જાતની કબુલાત જનસમાજ વચ્ચે કોઈ આપનાર નથી, કારણ આ પ્રાણીને 'સ્વમાન' નો એવો ખોટો ખ્યાલ છે કે એ પોતાનાં અયોગ્ય કાર્યને ઢાંકી દેવા પ્રયત્ન કરશે, તો આ તો એવો પ્રશ્ન રહ્યો છે કે જો તેનો સાચો જવાબ આપે તો પોતે તદ્દન અક્કલ-હીન મૂર્ખમાં ખપે, તેથી પોતાની સર્વ ક્રિયા સાધ્યના ખ્યાલ વગરની છે એવી વાતની કબુલાત ઘણે ભાગે કોઈ આપનાર નથી અને દુનિયાના લોકોનો મોટો ભાગ પણ ઘટતે વધતે અંશે તેના જેવો જ હોવાથી તેની આ વિચિત્ર માન્યતાને ટેકો આપશે. સામાન્ય રીતે કોઈ બાહ્ય કાર્યમાં કે અનુષ્ઠાનમાં અથવા કર્ત્તવ્યમાં તેના જીવનની ઇતિ-કર્ત્તવ્યતા મનાવી લેશે અને આ પ્રાણી તેમ માની લેશે, પોતાના મનને મનાવી લેશે, સમજાવી લેશે, પણ તેમ નથી. અહીં જે સાધ્યની અસ્પષ્ટતાનો ખ્યાલ કરવા વાત કરી છે, તે તદ્દન એકાંતમાં પ્રાપ્ય છે. વિચારણાને પરિણામે સમજાય તેવી છે અને આત્માને પૂછવાથી જણાય તેવી છે. વ્યવહારૂ માણસોનું માની લીધેલું શાસ્ત્ર આ આત્મિક--શાસ્ત્રથી તે બાબતમાં સકારણ અને સાપેક્ષ દૃષ્ટિએ તદ્દન જૂદું પડે છે.

ત્યારે આ તો બહુ આકરી વાત થઈ. આપણાં સર્વ કાર્યનો અંતિમ હેતુજ નથી, અથવા છે તો અસ્પષ્ટ અને ગોટાળાવાળો છે. એમ હોય તો તો પછી જીવનવ્યવહાર તદ્દન ખોટા પાયા ઉપર થઈ જાય, અર્થ કે પરિણામ વગરનો થઈ જાય અને છેવટે મોટા ફેરફાર કરવાને યોગ્ય થઈ જાય. ત્યારે આમાં સમજવું શું ? કરવું શું ? ક્યાં જવું ? કોને પૂછવું ? આવા આવા સવાલો થશે. આપણે એ સર્વ બાબતો પ્રસંગે પ્રસંગે વિચારતા જઈએ.

* * * * *

આપણી સર્વ ક્રિયાઓમાં અંતિમ સાધ્ય સુખપ્રાપ્તિનું માનેલું હોય છે, પણ એ સુખનો ખ્યાલ બહુધા બહુજ સ્થૂળ હોય છે અને ઘણો ખરો અસ્પષ્ટ હોય છે. ખરૂં સુખ શું છે ? અને ક્યાં છે ? તેનો ખ્યાલજ બહુ અચોક્કસ અને ઘણો વિચિત્ર હોય છે. પ્રથમ આપણે સ્થૂળ સુખ તપાસીએ તો તેમાં તો કાંઈ સાર જેવી વાત નથી. ખાવાનાં સારાં પદાર્થો મળે, પહેરવાનાં સુંદર કપડાં મળે, શરીરે આભૂષણો ધારણ કરવાનાં મળી આવે કે રહેવાને હવેલીઓ મળે, ટુંકમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહીએ તો ઇંદ્રિયનાં સર્વ સુખો મળે કે તે સુખ માણવાનાં સાધનો ઉપસ્થિત થાય કે લભ્ય થાય તેમાં તો કાંઇ સાર નથી; કેમકે તે બહુ થોડા વખત રહેનાર હોય છે. તેવા અલ્પસમયસ્થાયી વિષયોને સુખ માનવું એ મોટામાં મોટી ભૂલ છે; વળી પૌદ્‌ગલિક વસ્તુની બાબતમાં એક બીજો પણ ખ્યાલ રાખવાનો છે કે એ વસ્તુઓ જ્યાં સુધી પ્રાપ્ત થઇ ન હોય ત્યાં સુધીજ એની મજા છે. એક ઘડિયાળ લેવા બાળકને ઇચ્છા થાય છે, તે ન મળે ત્યાં સુધી તેને તેની પ્રાપ્તિથી બહુ સુખ મળશે એમ ધારણા રહે છે. પગે ચાલનારને ગાડી કે મોટર વસાવવામાં સુખ લાગે છે, ભાડે રહેનારને ઘરના ઘરમાં સુખ લાગે છે, મુશીબતે પણ જેવું તેવું ભોજન મેળવનારને મીઠાઈ કે દૂધપાક–પુરીમાં સુખ લાગે છે. બાકી એ વસ્તુ મળ્યા પછી પરિણામે કાંઈ નથી, એકાદ બે કલાક કે અમુક દિવસ જરા પ્રેમ જેવું લાગે છે, પોતાના સ્નેહી કે સંબંધીને તે સંબંધી વાત કરવામાં રસ પડે છે, પછી કાંઇ નહિ. બરાબર વિચાર કરવાથી આ વાતનો ખ્યાલ આવી શકશે. ત્યારે સ્થૂળ વિષયપ્રાપ્તિ કરતાં પ્રાપ્તિ પહેલાં માની લીધેલું સુખ એને પ્રાપ્તિ કરાવવા પ્રેરણા કરે છે. ત્યાર પછી એની પ્રાપ્તિનો વિચાર કરીએ.

આખું જીવન તપાસશું તો **છે** એ વસ્તુમાં પ્રેમ કે સંતોષને બદલે **નથી** એના વિચારમાં અને એને મેળવવાની ખટપટ અને દોડાદોડમાં ગુંથાઇ ગયેલું જોવામાં આવશે. એ એકજ બાબત સ્થૂળ વસ્તુઓના સુખને નકામું બનાવવા માટે પૂરતી છે. એક વ્યવહારદક્ષ યોગી ગાઈ ગયા છે કે 'તૃષાથી ગળું સુકાઇ જતું હોય ત્યારે સ્વાદિષ્ટ ઠંડું પાણી મળે તેમાં સુખ શું ? ભુખથી પેટમાં બળતરા ચાલતી હોય ત્યારે રોટલી કે ભાત મળે તેમાં સુખ શું ? રાગનો અગ્નિ બળી રહ્યા હોય ત્યારે તેના નિવારણનું સાધન મળે તેમાં સુખ શું ? એ તો બધા વ્યાધિને નિવારણ કરવાના ઉપાયો છે, તેને આ પ્રાણી ભૂલથી સુખ માની બેઠો છે.' આ વાર્તા બહુ વિચારવા જેવી છે. વસ્તુતઃ સ્થૂળ વસ્તુની પ્રાપ્તિમાં સુખ નથી. જેમને એ વસ્તુ મળી નથી તેઓ એમ ધારી રહ્યા છે કે એની પ્રાપ્તિમાં જરૂર સુખ છે અને તેથી જેમને એ વસ્તુ મળી ગઇ છે તેમને તેઓ પોતાની નજરે 'સુખી' ધારે છે. બાકી હવેલીમાં વસનાર કે બન્ને વખત ભાણું ભરી ભોજન કરનારને પૂછો, તેઓના હૃદયનું પ્રથક્કરણ કરો તો સમજાશે કે આ વાત સત્ય નથી. ધનવાળાને કે સાધનસંપન્નને સુખી માનવા એના જેવી બીજી ગંભીર ભૂલ કોઈ નથી.

વળી એવાં સુખનાં સાધનો થોડો વખત રહે, પણ પછી શું ? એ વસ્તુઓ જરા, વિનાશ પામે ત્યારે તે પ્રાણીનો કચવાટ જોયો હોય, એની હૃદયની બળતરાનો ખ્યાલ કર્યો હોય, એની માનસિક અસ્થિરતા તપાસી હોય, તો એવાં સાધનોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂરથી નમસ્કાર કરવાનું મન થાય તેમ છે. કેમકે એવી સ્થૂળ વસ્તુઓ તો કોઈ વખત સ્થિર રહેતી નથી, લાંબો વખત ટકતી નથી. ત્યારે એવી ઠેકાણા વગરની અને પોતાના તાબા બહારની વસ્તુઓ ઉપર કાયમના સુખનો ખ્યાલ બાંધી આખી જીવનનૌકા તેના આધારે ચલાવવી અને પછી તેના વિનાશ વખતે વિમાસણો કરવી એ તો સમજુનું કર્તવ્ય હોય નહિ. તેથી સિદ્ધ એ થયું કે એવી વસ્તુઓ ન મળે ત્યાં સુધીજ સુખ હોય છે, માન્યતામાં માનેલું સુખ વસ્તુ મળે એટલે નરમ પડી જાય છે, હોય છે ત્યારે વસ્તુની કિંમત નથી અને જાય છે ત્યારે આકરો કચવાટ થાય છે. જે વસ્તુ સ્થિર ન હોય, લાંબો વખત ટકનારી ન હોય, નાશવંત હોય, તેની ઉપર મદાર બાંધી આપણી જીવનનૌકા ચલાવીએ તો આપણું વહાણ હોકાયંત્ર અને સુકાન વગરનુંજ રહેવાનું એ વાતનો અહીં કાંઈક સ્પષ્ટ ખ્યાલ થાય છે.

જ્યારે સ્થળ વસ્તુઓના ખ્યાલ તો ખોટા નીકળ્યા એટલે વ્યવહારમાં ડાહ્યા ગણાતા દક્ષ પુરૂષોનો ઘણો મોટો ભાગ તો જે વસ્તુની પ્રાપ્તિ માટે દોડાદોડ કરી રહ્યા છે તે તદ્દન ખોટે રસ્તે છે એમ જણાયું. હવે માનસિક સુખ તરફ નજર ફેરવી જોઇએ. ઘણું ખરૂં સુખ તો માન્યતામાંજ રહેલું હોય છે; અને માન્યતા જો સ્થૂળ પ્રકારની હોય, જાડી હોય, દીર્ઘ વિચાર અને સંસારપ્રપંચના સ્પષ્ટ ખ્યાલ કે વિવેક વગરની હોય તો સુખ શું છે? તે સમજાતુંજ નથી અને ઘણીવાર માનસિક સુખને બદલે ઉપાધિ વહોરવી પડે છે. એ સંબંધી વિગતોમાં સહજ ઉતરવું યોગ્ય લાગે છે. કેટલીક વાર પોતાના સુખને બદલે પરના સુખનો ખ્યાલ કરી પ્રાણી પ્રવૃત્તિ કરે છે. અહીં તેને માનસિક સુખ થાય છે કે કેમ? તે તેના વિચારની સ્પષ્ટતા અને કર્તવ્યપરાયણતા પર આધાર રાખે છે. જો તેના ખ્યાલો અહીં પણ સ્થૂળ હોય, પોતાની વાહવા બોલાવવા માટે સમાજકાર્યમાં પ્રવૃત્તિ કરાતી હોય, લોકોમાં માનસન્માન મેળવવા પ્રવૃત્તિ થતી હોય તો તો તેમાં પણ કાંઈ મજા નથી, ખરો આનંદ નથી, વાસ્તવિક સુખ નથી. માનસિક સુખનો ખ્યાલ બહુધા સ્થૂળ હોય છે, અસ્પષ્ટ હોય છે અથવા દુનિયાદારીને લગતો હોય છે. એ સર્વ બાચકા છે, વેઠ છે, ધમાલ છે, એક પ્રકારનો વ્યવહારજ છે. મનમાં આ પ્રાણી જેને સુખ માને છે તે તદ્દન સ્થૂળ પ્રકારનું અને મોટે ભાગે માની લીધેલું હોય છે અને વળી બહુ થોડો વખત ટકે તેવું હોય છે. એવા સુખને સુખ કહેવાયજ નહિ.

* * * *

સ્થૂળ કે માનસિક સુખને અંગે ત્રણ વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એક તો એ સુખ ન મળે ત્યાં સુધી આનંદ રહે છે, બીજું એ મળ્યા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાંથી રસ ચાલ્યો જાય છે અને ત્રીજું એ બહુ થોડો વખત ચાલે છે. એ રીતે જોતાં એવાં સુખની પાછળ વલખાં મારવાં એ વસ્તુસ્થિતિનું અજ્ઞાન, દીર્ઘ વિચારની ગેરહાજરી અને સારાસાર–આદરણીય અનાદરણીયના જરૂરી વિવેકની ખામી બતાવે છે. દુનિયાના ખ્યાલથી આવી મહત્વની બાબતમાં લેવાઇ જવા જેવું નથી. દુનિયા હમેશાં સ્થૂળ ખ્યાલ કરનારી, તાત્કાળિક ફળમાં સંતોષ પામી જનારી અને વિશિષ્ટ પરિણામ તરફ આંખો બંધ કરનારી હોય છે. દુનિયાના અસ્પષ્ટ ખ્યાલો ઉપર મદાર બાંધીને આપણી સાધ્ય બાબતોનો નિર્ણય કરવામાં–આદર્શને ચોક્કસ કરવામાં આ પ્રમાણે ઘણી વખત સ્ખલના થાય છે–ભૂલ થાય છે. ત્યારે વાસ્તવિક સુખ શું છે ? કયાં છે ? કેમ મળે ? કેવા પ્રકારનું હોય ? તે શોધવાની અને તેને અનુસારે સાધ્યનો નિર્ણય કરનારી ખાસ જરૂરીઆત પ્રાપ્ત થાય છે. એ સુખની શોધમાં અને એના નિર્ણયના ચોક્કસપણામાં જીવનનું સાફલ્ય છે. આ દ્રષ્ટિબિન્દુથી સત્ય અને વાસ્તવિક શાશ્વત સુખ શોધવા પ્રયાસ કરવો આવશ્યક છે, કર્તવ્ય છે, આદરણીય છે.

* * * *

મૌક્તિક.

# श्री हितशिक्षाना रासनुं रहस्य.

( પુ. ૩૮ માના પૃષ્ઠ ૨૮૦ થી, )

આગળ લેખક મહાત્મા કહે છે કે–"હે ભવ્ય પ્રાણીઓ ! તમે માતા પિતાની ભક્તિ કરો અને તેને ધર્મ પમાડો. એમ કરવાથીજ તેના ગુણના ઓશીંગણ થઈ શકાશે. પૂર્વે શ્રી આર્યરક્ષિતે એ રીતેજ માતાપિતાની ખરી ભક્તિ કરી છે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે:—

શ્રી દશપુર નગરમાં **સોમદેવ** નામે પુરોહિત રહેતો હતો. તેને **સોમરૂદ્રા** નામે સ્ત્રી હતી અને તેનાથી **આર્યરક્ષત** નામે પુત્ર થયો હતો. પુરોહિત મિથ્યાદૃષ્ટિ હતો અને આર્યરક્ષિતની માતા જૈનધર્મી હતી. અન્યદા આર્યરક્ષિત વિદ્યાભ્યાસ કરવા ગયો. તે ચૌદે વિદ્યામાં પ્રવીણ થઇને ઘરે આવ્યો. ત્યાંના રાજાએ પણ તેનું ઘણું સન્માન કર્યું. માતા પાસે આવી તે પગે લાગ્યો પણ માતા તેને જોઇને બહુ ખુશી થઇ નહીં, એટલે આર્યરક્ષિતે પૂછયું કે–'માતાજી ! હું ભણીને આવ્યો, રાજાએ મને માન આપ્યું, સઉ ખુશી થયા અને તમે ખુશી કેમ ન થયા ?' એટલે માતા બોલી–'પુત્ર ! તું આવી ભવ વૃધ્ધિ કરે તેવી વિદ્યા ભણી આવ્યો તેમાં હું શું રાજી થઉં ? તું જો ચૌદ પૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણીને આવ તો ઠીક થઈ, કે જે પૂર્વનું જ્ઞાન કર્મરૂપી શલ્યનું ઉન્મૂલન કરી શકે.' પુત્ર કહે–'માતા ! હું તે ભણી આવું, પણ તેના ભણાવનાર મને કોણ અને ક્યાંથી મળી શકશે ?' માતાએ કહ્યું કે–'પુત્ર ! તારા મામા તોસલીપુત્ર નામના આચાર્ય અમુક ગામ નજીક વિચરે છે ત્યાં જા, તે તને પૂર્વનો અભ્યાસ કરાવશે.' પુત્ર માતાની આજ્ઞા લઈને ત્યાં જવા ચાલ્યો. માર્ગમાં તેનો કોઈ સંબંધી શેલડીના સાડા નવ સાંઠા લઈને આવતો સામો મળ્યો. તેણે આર્યરક્ષિત પરના પ્રેમથી તે સાંઠા બધા તેને આપવા માંડ્યા. આર્યરક્ષિતે કહ્યું કે–'હું તો ભણવા જઉં છું, આ સાંઠા તમે મારી માતાને આપજો.' તેણે તેમ કર્યું, અને આર્યરક્ષિત મળ્યાની વાત કરી. માતાએ સાડા નવ સાંઠા જોઈ વિચાર કર્યો કે 'શુકનમાં સાડા નવ સાંઠા મળ્યા છે તેથી મારો પુત્ર સાડા નવ પૂર્વ ભણી શકશે એમ અનુમાન થાય છે.'

અહીં આર્યરક્ષિત જ્યાં તોસલીપુત્રાચાર્ય હતા ત્યાં આવ્યો, પણ 'તેમની પાસે શી રીતે જવું અને વંદન કેવી રીતે કરવું ? તે વખતે શું બોલવું ?' તે પોતે જાણતો ન હોવાથી 'કોઈ બીજું આવે તો જાઉં ને તે કરે તેમ કરૂં' એમ વિચારી ઉપાશ્રયની બહાર ઉભો રહ્યો. તેવામાં ઢઢ્ઢધર્મા નામે શ્રાવક ગુરૂને વાંદવા આવ્યો. તે નિસ્સિહી કરીને ઉપાશ્રયમાં પેઠો. પછી જેવી રીતે અને જે પ્રમાણે બોલીને તેણે વંદના કરી તે બધું શિઘ્રબુદ્ધિમાન્ આર્યરક્ષિતે તરતજ ધારી લીધું અને તે પ્રમાણે કર્યું. માત્ર પ્રથમ બેઠેલા શ્રાવક ઢઢ્ઢધર્માને પ્રણામ કર્યા નહીં; કારણકે ઢઢ્ઢધર્મા આવ્યા ત્યારે કોઈ શ્રાવક પ્રથમથી આવેલ ન હોવાથી તેણે પ્રણામ કર્યા નહોતા. ગુરૂએ એટલા ઉપરથી 'આ નવો શ્રાવક છે' એમ જાણી લીધું. પછી 'તે કોણ છે ? ક્યાંથી આવે છે ?' વિગેરે પૂછ્યું, એટલે આર્યરક્ષિતે બધી વાત કરી. આચાર્યે પણ તેને પોતાના ભાણેજ તરીકે ઓળખી લીધો. પછી આવવાનું કારણ પૂછતાં આર્યરક્ષિતે વિનંતિ કરી કે–'મને ચૌદ પૂર્વ ભણાવો, હું તે ભણવા આવ્યો છું.' ગુરૂ કહે કે–'દીક્ષા લીધા સિવાય પૂર્વ ભણાતા નથી.' આર્યરક્ષિત કહે–'એમજ હોય તો દીક્ષા આપો, મારે પૂર્વ ભણવા છે એ નિશ્ચય છે.' પછી ગુરૂએ તેને દીક્ષા આપી અને પછી ઘણો શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. અગ્યાર અંગ ભણાવ્યા, સૂરિપદ આપ્યું. પછી કહ્યું કે–'હવે પૂર્વનો અભ્યાસ કરવો હોય તો વયરસ્વામી પાસે જાઓ અને ત્યાં પૂર્વાભ્યાસ કરો.' આર્યરક્ષિત મુનિ ગુરૂની આજ્ઞા મેળવીને વયરસ્વામી પાસે જવા ચાલ્યા. માર્ગમાં ઉજ્જયિની નગરીમાં **શ્રી ભદ્રગુપ્તાચાર્યે** અનશન કર્યાની હકીકત સાંભળી તેથી તેમની પાસે ગયા અને તેમને અંત સમય પર્યંત ઘણી નિર્જામણા કરી. અંતે ભદ્રગુપ્તાચાર્યે એક શિખામણ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે-' તમે વયરસ્વામી પાસે અભ્યાસ કરવા ભલે જાઓ, પણ તેનાથી જુદા ઉપાશ્રયમાં ઉતરજો, કારણ કે વયરસ્વામીની સાથે રહેલા તમામ શિષ્યો તેની સાથે અણુસણુ કરશે.' આર્યરક્ષિતે તે શિખામણ અંગીકાર કરી અને ભદ્રગુપ્તાચાર્યના સ્વર્ગવાસ પછી તે વયરસ્વામી પાસે આવ્યા. જુદા ઉપાશ્રયમાં ઉતરી તેમની પાસે ગયા અને વંદનાદિક કરીને પૂર્વનો અભ્યાસ કરાવવા માટે પ્રાર્થના કરી.

વયરસ્વામીએ યોગ્ય જીવ જાણીને પૂર્વનો અભ્યાસ કરાવવા માંડયો. સાડા નવ પૂર્વ ભણ્યા એટલે ભણતા થાકયા. એકદા વયરસ્વામીને પૂછયું કે-' હે મહારાજ ! હું કેટલું ભણ્યો અને કેટલું બાકી રહ્યું ? ' એટલે ગુરૂએ કહ્યું કે-' એક બિંદુ ભણ્યા છો, હજુ આખો સમુદ્ર બાકીમાં છે.' એટલે વધારે થાકયા. એવામાં તેમનો ભાઈ **ફલ્ગુરક્ષિત** તેમને શોધતો શોધતો ત્યાં આવ્યો. આર્યરક્ષિત સૂરિએ તેને પ્રતિબોધીને દીક્ષા આપી, પછી બંને દશપુર નગરે આવ્યા. રાજાએ સામૈયું કર્યું. ઘરવાળા સૌ વાંદવા આવ્યા. બધાને પ્રતિબોધીને દીક્ષા આપી. એક તેમના પિતાએ દીક્ષા ન લીધી. તે કહે કે-' હું ધોતીયું પહેરી રાખું, ચોળપટ્ટો ન પહેરૂં અને જનોઈ, છત્રી, ઉપાનહ અને કમંડળ એ ચાર વાનાં રાખું. એમ જો દીક્ષા અપાતી હોય તો આપો. ' અતિશયવંત ગુરૂમહારાજાએ પરિણામે લાભ જાણીને કહ્યું કે-' તમને એવી રીતે દીક્ષા હો.' પછી તે એવી રીતે ગુરૂની સાથે વિચરવા લાગ્યા. ગુરૂએ નાના શિષ્યોને શીખવ્યું કે-" તમારે બધા મુનિને વાંદવા ને મારા પિતાને ન વાંદવા. તે ન વાંદવાનું કારણ પૂછે તો 'તમે છત્ર કમંડળાદિ રાખો છો માટે નહી વાંદીએ' એમ કહેવું. " શિષ્યોએ તેમ કર્યું, એટલે સોમદેવ બોલ્યા કે-' તમને કાંઈ નાના મોટાનો વિવેક પણ છે કે નહીં ? ' શિષ્યો બોલ્યા કે-' તમે છત્ર કમંડળાદિ મૂકી દ્યો તો વાંદીએ.' આમ બહુ દિવસ થયું એટલે પછી સોમદેવે ક્રમે ક્રમે જનોઈ, છત્ર, ઉપાનહ અને કમંડળ મૂકી દીધાં, પણ ધોતીયું ન છોડયું, તેમ ગોચરી કરવા જવાની શરમ લાગવાથી ગોચરી જવાનું શરૂ ન કર્યું.

અન્યદા ગુરૂમહારાજ બહારગામ ગયા અને શિષ્યોને કહેતા ગયા કે 'તમે સોમદેવને લાવી આપશો નહીં.' મુનિઓ ગોચરી વહોરી લાવીને ખાવા બેઠા પણ સોમદેવને બોલાવ્યા નહીં. તેણે બેઠા બેઠા જોયા કર્યું. એમ બે ઉપવાસ થયા એટલે ગુરૂ આવ્યા. સોમદેવે ફરિયાદ કરી, એટલે ગુરૂ ચેલાઓને ખીજ્યા. પછી પોતેજ ઝોળી લઈને સોમદેવ મુનિ માટે લેવા ચાલ્યા; એટલે સોમદેવને શરમ આવી અને બોલ્યા કે-' મારે માટે આપ જાઓ તે તો ઠીક નહીં, હું જઈશ.' એમ કહીને ગોચરીએ ગયા. અનુક્રમે તે લજ્જા છુટી ગઈ, અને મધુકરની જેમ ગોચરી કરવા લાગ્યા, તેમજ સંયમ પાળવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક દિવસ એક વ્યવહારીને ત્યાં ગોચરી કરવા ગયા, લાડુ લાવ્યા અને તે બધા સાધુઓને વહેંચી દીધા. પાછા ફરીને તેજ વ્યવહારીને ઘરે ગયા, પણ જતાં શરમ આવી તેથી બારી વાટે ગયા. ત્યાંથી બત્રીશ લાડુ વહોરી લાવ્યા. ગુરૂએ તે નિમિત્ત જોઈને નિર્ણય કર્યો કે–' મારી પાછળ બત્રીશ પાટ ચાલશે.' પછી પોતાના પિતાની સહુ સાધુના મધ્યમાં બહુ પ્રશંસા કરી. પણ હજુ તેમણે ધોતીયું રાખ્યું હતું, તે કાઢતાં શરમાતા હતા.

અન્યદા એક સાધુએ કાળ કર્યો. તેને પરઠવવા માટે બીજા સાધુ ઉપાડે છે, તેવામાં ગુરૂ બોલ્યા કે–' સાધુના શરીરને ઉપાડીને પરઠવી આવવું એમાં અત્યંત લાભ છે.' તે સાંભળી સોમદેવ મુનિ તે કાર્ય કરવા ઉભા થયા. ગુરૂ કહે 'એ કાર્ય કરતાં દેવ દાનવ કે યક્ષાદિ કોઈ પણ તમને છળશે તો તમે સાધુને પછાડી દેશો, મૂકી દેશો, તમારૂં મન સ્થિર નહીં રહે.' સોમદેવ કહે કે–' ગમે તે ઉપસર્ગ થશે પણ શબને નહીં મૂકું.' એટલે ગુરૂએ આજ્ઞા આપી, તેઓ શબ ઉપાડીને ચાલ્યા. પછી ગુરૂએ બીજા શિષ્યોને શીખવીને પાછળ મોકલ્યા કે–' તેમનું ધોતીયું કાઢી નાખીને ચોળપટો પહેરાવી દ્યો.' શિષ્યોએ તેમ કર્યું. સોમદેવ મનમાં કચવાણા પણ શબને છોડયું નહીં, પરઠવીને ગુરૂ પાસે આવ્યા. શિષ્યોની વાત કરી. ગુરૂએ શિષ્યોને ઠબકો આપ્યો અને પિતાને કહ્યું કે–' ધોતીયું પહેરવું હોય તો તે પહેરો.' સોમદેવ મુનિ કહે–' હવે શું પહેરવું ? એબ તો ખુલી થઈ ગઈ, હવે કાંઈ ધોતીયું પહેરવું નથી; ચોળપટોજ ઠીક છે. ' પછી તેઓ શુદ્ધ વેષધારી મુનિ થયા અને સારી રીતે ચારિત્ર પાળવા લાગ્યા. કોઈ પણ પ્રકારના દૂષણથી દૂર રહેવા લાગ્યા. "

આ પ્રમાણેની કથા સાંભળ્યા પછી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછયું કે–' હે પરમાત્મા ! હવે તે પિતાના ગુણના ઓશીંગણ થયા ? ' વીર પ્રભુ કહે છે કે–' હા, થયા.' આ પ્રમાણેની હકીકત સાંભળી ધ્યાનમાં લઈ માતાપિતાની ભક્તિમાં તત્પર રહેવું, તેમની આજ્ઞા પાળવી, તેમને દુઃખ ન ઉપજાવવું અને પ્રાંતે તેમને ધર્મ પમાડી સદ્ગતિએ પહોંચાડવા. રાસના કર્ત્તા ઋષભદાસજી આ પ્રમાણેની હિતશિક્ષા આપીને હજુ આગળ કહે છે કે–' જેમ કૂર્માપુત્રે માતાપિતાને માન્યા, તેમને દુઃખ થવા ન દીધું. પોતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા છતાં સંસારમાં–ઘરમાં રહ્યા. ઘરમાં રહીને નિરવદ્ય આહાર લીધો અને છેવટે માતાપિતાને પ્રતિબોધ પમાડી દીક્ષા આપીને તેમણે મુનિવેષ અંગિકાર કર્યો, તેમ અન્ય મનુષ્યોએ પણ વર્તવું.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કૂર્માપુત્ર કથા.

રાજગૃહીનગરીમાં **મહેંદ્રસિંહ** નામે રાજા હતો. તેને **કૂર્માદેવી** નામે પટ્ટરાણી હતી, તેનાથી પુત્ર થયો હતો, તેનું નામ **કૂર્માપુત્ર** રાખવામાં આવ્યું હતું. સૌ આનંદથી રહેતા હતા, કૂર્માપુત્ર બાલ્યાવસ્થાથીજ સુશીળ હતો. અનુક્રમે તે યૌવનાવસ્થા પામ્યો પરંતુ વિષયથી વિરક્ત ચિત્તવાળો હતો. એકદા રાજમહેલની નજીકના ઉપાશ્રયમાં મુનિઓને ભણતાં સાંભળ્યા. તેમાં ચિત્તની એકાગ્રતા થતાં 'આવું કાંઇક સાંભળ્યું છે' એવો વિચાર તેને આવ્યો. તે સંબંધી ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વલો ભવ દીઠો. દેવભવના સુખ જાણ્યા, ત્યાંથી ચ્યવીને પોતે મનુષ્ય થયાનું જાણ્યું. ગર્ભમાં રહીને અત્યંત દુઃખ ભોગવેલ તે સ્મરણમાં આવ્યું. તેથી ચિત્તમાં એવા સંસારની અસારતાનું ભાન થયું. તે સંબંધી વિચારમાં પડ્યા. અનુક્રમે શુકલધ્યાનપર આરોહણ કર્યું. કામવિકારને મહા વિરૂઆ ( માઠા ) જાણ્યા, ધ્યાનરૂપી પ્રબળ અગ્નિવડે ઘાતિકર્મરૂપ ઇંધનને બાળી દીધા; એટલે અપૂર્વ કેવળજ્ઞાન ઉત્પન થયું. લોકાલોકના અનંતા ભાવ જાણ્યા. પછી મનમાં વિચારવા લાગ્યા કે–' જો હું હમણા મુનિવેષ અંગીકાર કરી ઘર તજી દઇશ તો માતા–પિતાને બહુ જ દુઃખ થશે, અને તેમનો મારાપર એટલો પ્યાર છે કે મ્હારા વિરહે તેમના પ્રાણ ઉડી જશે. ' આવી રીતે અનુકંપા આવવાથી ઘરમાં રહ્યા અને મુનિની રીતે વર્તવા લાગ્યા. આહાર પણ નિરવદ્ય લેવા લાગ્યા.

અન્યદા ઇંદ્રના જાણવામાં આ હકીકત આવવાથી તે કૂર્માપુત્ર કેવળી પાસે આવ્યા. તેમના માતા–પિતાને સમજાવ્યા કે–"આ તમારો પુત્ર હવે સંસારી નથી, પણ ગુણના સમૂહને ધારણ કરનાર કેવળી થયેલ છે, માટે તેને આજ્ઞા આપો, તે મુનિવેષ ધારણ કરીને પૃથ્વીપર વિચરશે તો અનેક જીવોનું કલ્યાણ કરશે. તમને પણ એમાં લાભ છે. તમારા પુત્રની કેવળીપણે ખ્યાતિ તે તમારી જ ખ્યાતિ છે." આ પ્રમાણે કહીને સમજાવ્યા. પછી ઇંદ્રે કૂર્માપુત્રને મુનિવેષ આપ્યો. તે સ્વીકાર્યા પછી તેમણે પણ માતા–પિતાને ઉપદેશ આપ્યો અને સંસારની અસારતા સમજાવી એટલે તેમણે સંસાર છોડીને ચારિત્ર અંગીકાર કર્યું.

આ પ્રમાણેની કથા ઉપરથી ઉત્તમ જનોએ માતા-પિતાની ભક્તિ કરવી, તેમને ધર્મ પમાડવો અને પોતે પોતાના આત્મહિતમાં ચુકવું નહિ. અહીં રાસના કર્તા પૂર્વે મોટા મોટા ચૂકયા છે–ભૂલ ખાધી છે, તેના દૃષ્ટાંતો આપે છે, તે હવે પછી આપશું. તેની ઉપર ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અંબાજીના અને કુંભારીઆજીના મંદિરનો મુકાબલો.

( વસંત-અંક ૧૧ મો-પૃષ્ઠ ૪૨૮ થી ૪૩૭ ઉપરથી. )

× + + + + + + ×

ધર્મશાળાની ઓરડીમાં સામાન ગોઠવ્યાબાદ હું માજીનાં દર્શને ગયો. રસ્તામાં મ્હને જણાયું કે મને મળેલા એકલા માળીએ જ દારૂ પીધો હતો એમ નથી, કેટલાક બ્રાહ્મણોનાં મોઢાં પણ સુંઘવા યોગ્ય હતાં. હું મંદિરમાં દાખલ થયો. ચોક બહુ જ ન્હાનો હતો. દર્શનનો દહાડો હતો, તોયે ભીડ ઘણી હતી, સ્ત્રી-પુરૂષની ભચડાભચડી જબ્બર હતી. ભચડાભચડી તેમને મન હીસાબમાં નહોતી. હું દર્શન કરી બહાર ચોકમાં આવ્યો.

ચોકમાં એક બાજુ માતાજીના હવનકુંડમાં ઘીની આહુતિ આપવા લોકો ઘી લાવતા હતા. આ ઘી કેટલાક ભીલો કુંડમાં નાંખતા પહેલાં જ ઝુંટવી લેતા. આ ઘીનું શું થતું હશે ? મોદીને ત્યાં જવાનું. મોદી તેને ગરમ કરી ચોખ્ખું કરી ખાવાના ઘીમાં પણ આપે. ચોખ્ખું ન થાય તે દીવા કે કુંડમાં નાંખવા માટે વેચે. અંબાજીમાં તેલ ખવાય જ નહિ, એવો વહેમ પ્રચલિત કરવાનું કારણ આ બધું ઘી વપરાય એ તો નહિ હોય ?

મંદિર બહાર નાડાછડીઓ, દોરા વિગેરે વેચાતું હતું. કશુંયે હાથના કાંતેલા સુતરનું નહોતું. એક ભાઇની સાથે આ બાબત વાતચિત થઇ. તેણે અમદાવાદ ઉપર ઢોળ્યું. અંબાજીનાં નાડાં, દોરાં વિગેરે બધું અમદાવાદથી આવે છે.

તા. ૨-૯-૨૨ એકાદશી-ગંદા માનતળાવ (સરોવર) માં સ્નાન કરી શરીર અપવિત્ર કરવામાં પવિત્રતા છે એ અમારાથી મનાય તેમ નહોતું. અમે તો સહવારે ઉઠીને અજયી માતાના દેવળ પાસેથી ફંટાતા રસ્તે જાજરૂવાડો વીંધી કુંભારીઆ તરફ ગયા. આ અજયી માતાના દેવળ પાસેજ જાજરૂવાડો ! રાજ્યની આવી ગેરવ્યવસ્થા વિષે અફસોસ કરતાં કરતાં કુંભારીઆ નજીક પહોંચ્યા. સરસ્વતીના એક વહેળામાં નાહ્યા. પછી કુંભારીએ ગયા. કુંભારીઆ એ પ્રથમ આરાસણ નગરીથી ઓળખાતું હતું.

અહીં ગંદકીનું નામ નહોતું. કુંભારીઆનાં પાંચ દહેરાં હયાત છે, બળી ગયેલાં દહેરાંનાં ચિન્હો જણાય છે. અમે બે મ્હોટાં દહેરાં જોયાં. એક નેમિનાથનું અને બીજું મહાવીરજીનું.

અમે ગયા તે વખતે નેમિનાથજીના દહેરાનું સમારકામ ચાલતું હતું, આ સમારકામ જૈન ભાઇઓની અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી થતું હતું. આવાં સમારકામ થાય તે ઇષ્ટ છે, આવા સમારકામ કરી દેશની કીર્ત્તિ કાયમ રાખવી એ મહા- પુણ્યકાર્ય છે; પણ સમારકામ એવું ન થવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ કે પ્રાચીન સૌંદર્ય, પ્રાચીનકળા તેનાથી અભડાય; જો કે પ્રાચીનની બરાબરી તો થઇ શકે જ નહિ.

લોર્ડ કર્ઝનના વખતથી જૈનેતર પ્રાચીન બાંધકામો એ સરકારી રક્ષિત ઈમારતો ઠરી છે અને તેના ઉપર મરામત થતી રહે છે. આ અતિ સ્તુત્ય કાર્ય છે પણ એ કાબુ સરકારી અને પરધર્મીનો કહેવાય. જૈનો પોતાના ધર્મની ઇમારતો માટે જાગતા રહ્યા છે એમાં ભારતમાતાની વધુ પ્રતિષ્ટા જળવાય છે.

આ દહેરામાં જે જિનમૂર્ત્તિઓની પ્રતિષ્ઠા-સ્થાપના થઇ હશે તે પ્રતિષ્ઠા-સ્થાપનાના લેખ સહિતની કેટલીક મૂર્ત્તિઓ બહાર હતી. બે એક મૂર્ત્તિઓ હેઠલના પ્રતિષ્ઠા-સ્થાપનાના શિલાલેખ ઉકેલવાનો પ્રયત્ન કર્યો. એક સંવત ૧૩૩૫ માં સ્થાપન થયેલી હતી, બીજી સંવત ૧૩૩૭ માં. પ્રથમનામાં પાટણના પ્રસિદ્ધ મંત્રી જાવડ (?) નું નામ હતું. *

બીજું મહાવીરજીનું દહેરૂં નેમિનાથજીના કરતાં પૂરાણું જણાયું. આ દહેરામાં છતોની અંદર જે ચિત્રકામ ( કોરણીનું ) હતું તે દેલવાડાનાં દેવળની ઉત્તમ કારીગરીને પણ કયાંક કયાંક આંટી દે તેવું હતું. હું આ ચિત્રકામ જોઈ ઘડીભર મુગ્ધ બન્યો. જાણે ઉંચો કૂદી છતને વળગી બરોબર નિરખ્યા કરૂં ! બારીકીથી નિરખાયું નહિ. વળી આ છતોમાં અનેક લેખો જોવામાં આવ્યા. મ્હેં અનુમાન કર્યું કે કોઇ જૂના દેવળનાં પત્થરનાં મ્હોટાં બારસાખ વગેરેથી આ છતો ચણી લેવામાં આવી હશે. આ લેખોની નકલો લેવાઇ તો હશે જ, ના લેવાઇ હોય તો લેવા યોગ્ય છે. ઘણા લેખો છે અને તે ઉપરથી ઇતિહાસ ઉપર સારૂં અજવાળું પડે તેમ છે. મારા દેશની અમર-કીર્ત્તિની સાખ પૂરનારાં આવાં પ્રાચીન મંદિરોમાં રસિયો થઇ બહુ ઘુમવાનું મન હોવા છતાં સાથીઓની વારંવાર થતી હાકલને માન આપ્યા વગર છુટકો નહોતો.

અમે સૌ ત્યાંથી પાછા ફર્યા. જે શાંત સુગંધીમય વાતાવરણ ત્યાં હતું તે ન છુટકે તજવું પડયું. જૈનોના મંદિરોમાં પેસતાં જ જે ઇશ્વરાભિમુખ વૃત્તિ થાય છે તે વૃત્તિ વૈષ્ણવોનાં કે શાકતોનાં માતાનાં મંદિરોમાં થતી હોય તો કેવું સારૂં ! ગંદવાડો દૂર થાય ત્યારે ને ? ઘણાં શિવમંદિરોમાં પણ ગંદવાડો નથી હોતો અને વાતાવરણ સુગંધીમય અને પવિત્ર હોય છે. અંબાજીમાં તે નહોતું. ભોગ અને પ્રસાદના રીવાજે મંદિરો અપવિત્ર અને ગંદા બન્યા છે.

આબુ ઉપરનાં દેલવાડાનાં દહેરાં જોવા હું પ્રથમ ગયેલો ત્યારે એક વૈષ્ણવ

* મુનિ જિનવિજયજીએ હમણાંજ પ્રગટ કરેલા ' પ્રાચીન જૈન લેખ સંગ્રહ ' ભાગ રજામાં નંબર ૨૯૧ નો જે લેખ આપ્યો છે, તે જો આ હોય તો મ્હારૂં અનુમાન ખોટું ઠરે છે; તેમાં 'જાલણ ભાર્યા' લખેલું છે ' જાવડ ' નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ મ્હારી સાથે હતા. અંદર પેસતાં જ વૃત્તિ પલટી હતી; તે શાંત અને પવિત્ર બની હતી. મ્હેં પેલા વૈષ્ણવ સાધુનું આ મહિમા પ્રત્યે લક્ષ ખેંચ્યું. તેણે કહ્યું "જૈનો ધુપ, કેશર આદિ સુગંધીઓમાં અને મંદિર સ્વચ્છ કંચન જેવું રાખવામાં અખુટ પૈસા ખરચે છે; આપણામાં ઠાકોરજીને (શ્રીનાથજીનો દાખલો આપી) ભોગ ધરાવવામાં ખરચાય છે." કેટલાંએ માણસો એક વખતનું અન્ન પણ માંડ માંડ પામે છે તે ભારતમાં ભોગ ધરાવવા પાછળ નકામો દ્રવ્યવ્યય કરી મંદિરમાં અને મંદિરની આસપાસ ગંદકી બનાવવાની વિરૂદ્ધ મેં દલીલો કરવા માંડી; તેથી તે ભાઇને ખોટું લાગ્યું હતું. તે પ્રસંગ અહિં પણ યાદ આવ્યો. અમદાવાદ દોશીવાડાની પોળમાં વૈષ્ણવોનું મંદિર છે અને જૈનોનાં મંદિરો પણ છે. વૈષ્ણવ મંદિરમાં અને તેની આસપાસ ગંદકીનો પાર નથી અને અન્નની ત્યાં દુર્દશા થતી હોય છે, જ્યારે જૈનમંદિરોમાં અને આસપાસ સ્વચ્છતા, પવિત્રતા અને સુગંધ હોય છે. પણ હું વૈષ્ણવ છું, તેથી વધારે લખી શકતો નથી.

× × ×

**ડાહ્યાભાઈ મનોરદાસ પટેલ. અમદાવાદ.**

## પ્રશ્નોત્તર.

### (એક શ્રાવકે લખી મોકલેલા પ્રશ્નો.)

પ્રશ્ન ૧–સંતિકરંની છેલ્લી–૧૪ મી કર્ત્તાના નામવાળી ગાથા પ્રતિક્રમણમાં કેમ બોલવામાં આવતી નથી?

ઉત્તર–એ ગાથા પાછળથી દાખલ થયેલ જણાય છે. કારણ કે પ્રથમના છપાયેલ સંતિકરંમાં ૧૩ ગાથાઓ છે. કર્ત્તાનું નામ પણ ૧૨ મી ગાથામાં આવી ગયેલ છે; અને ઘણાને મોઢે પણ ૧૩ ગાથાઓ જ હોય છે, તેથી તે ૧૪ મી ગાથા બોલાતી નથી.

પ્રશ્ન ૨–પાક્ષિક, ચોમાસી ને સંવત્સરી પ્રતિક્રમણમાં જે ૧૨–૨૦ ને ૪૦ લોગસ્સનો કાયોત્સર્ગ કરવામાં આવે છે તે સંખ્યાના નિયમનનું કાંઇ ખાસ કારણ છે?

ઉત્તર–ઉત્તરોત્તર વધારે કાળમાં લાગેલા દોષની આલોચણ કરવાની હોવાથી વધારે વધારે કાયોત્સર્ગ કરવામાં આવે છે. સંખ્યાના પ્રમાણનું કારણ બહુશ્રુતગમ્ય હોવાથી આપણે આજ્ઞા પ્રમાણ છે.

પ્રશ્ન ૩–જયવીયરાય, લઘુશાંતિ ને વૃહત્‌શાંતિમાં છેવટે એક બે ગાથા એક સરખી છે. તેનું શું કારણ? કર્ત્તા તો એક નથી.

ઉત્તર–કર્ત્તા જુદા જુદા છે, છતાં પૂર્વ પુરૂષો જરૂર જણાયે પોતાની પૂર્વે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલા મહાપુરૂષની કૃતિમાંથી ગાથા ગ્રહણ કરતા હતા, એ અનુસારે એમાં પણ ગ્રહણ કરેલ જણાય છે. એના કર્ત્તાનો ચોક્કસ ક્રમ કહી શકાય તેમ નથી, પરંતુ લઘુશાંતિ તો છેલ્લી શ્રી માનદેવસૂરિની કરેલી છે.

પ્રશ્ન ૪ જયવીયરાયની પેલી બે અને પાછલી ત્રણ ગાથાના કર્ત્તા ભિન્ન ભિન્ન છે કે એકજ છે ?

ઉત્તર–એના કર્ત્તા ભિન્ન હોવાનું વાંચવામાં આવેલ નથી.

પ્રશ્ન ૫–એની પ્રથમની બે ગાથામાં હાથ જોડીને ઉંચા રાખવામાં આવે છે અને પાછલી ત્રણ ગાથામાં નીચા રાખવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તર–પ્રથમની બે ગાથા ત્રણ પ્રણિધાનમાં ગણાતી હોવાથી તે બોલતાં મુક્તાસુક્તિ મુદ્રા કરવાની છે, અને પાછલી ત્રણ ગાથા બોલતાં યોગમુદ્રા કરવાની છે.

પ્રશ્ન ૬–નમુથ્થુણં શ્રી કલ્પસૂત્રમાં અમુક પદ સુધી છે, હાલમાં તેથી વિશેષ બોલાય છે, ભગવતીજીમાં તેથી કાંઇક જુદી રીતે છે, તેનું શું કારણ ?

ઉત્તર–એનું કારણ બહુશ્રુતગમ્ય છે.

પ્રશ્ન ૭–ચૈત્યવંદન કરતી વખતે ડાબો પગ અને વંદિત્તા સૂત્ર બોલતાં જમણો પગ ઉંચો કરવામાં આવે છે, તેનું શું કારણ ?

ઉત્તર–આખું ચૈત્યવંદન કરતાં નહીં પણ માત્ર શકસ્તવ કહેતાં ડાબો ઢીંચણ ઉંચો રાખવાનું ઇંદ્રિને માટે છે; આપણે તો બંને ઢીંચણ જમીન પર લગાડવાના છે. અને વંદિત્તુ કહેતાં માત્ર જમણો ઢીંચણ ઉંચો રાખવાનો નથી પણ ડાબા જમણા અંગુઠા પર શરીર ટેકાવીને ઉત્કટ આસને બેસવાનું છે. તેમ બેસવું મુશ્કેલ પડવાથી જમણો ઢીંચણ માત્ર ઉંચો રાખવામાં આવે છે.

પ્રશ્ન ૮–વંદિત્તામાં **तस्स धम्मस्स०** એ ગાથા બોલતાં ઉભા થવાય છે અને બાકીની ગાથા ઉભા ઉભા બોલાય છે, તેનું શું કારણ ?

ઉત્તર–પાપ આલોવવાથી આત્મા કર્મના ભારથી હલકો થવાથી હલકી વસ્તુ જેમ તરે–ઉંચે આવે એમ વંદિત્તુ કહીને પાપ આળોવ્યા પછી ઉંચે આવવા રૂપ–ઉભા થવાય છે. આવો હેતુ પ્રતિક્રમણહેતુ ગ્રંથમાં બતાવેલો છે.

પ્રશ્ન ૯–પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં સંસારદાવા બોલતાં **झंकारारावसारा०** થી સર્વે સાથે બોલે છે એનું શું કારણ ?

ઉત્તર–વિઘ્નકારી વ્યંતરાદિ દેવોના નિવારણ માટે એમ બોલવાનું પ્રતિક્રમણ હેતુમાં જણાવેલ છે.

પ્રશ્ન ૧૦–પહેલા, બીજા, ત્રીજા એમ દરેક આવશ્યકની મુહપત્તિ પડિલેહવાનું શું કારણ ?

ઉત્તર–એવી પ્રવૃત્તિ તપગચ્છમાં નથી, બીજા ગચ્છમાં છે. તપગચ્છમાં તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા ને છઠ્ઠા આવશ્યક વખતે જ મુહપત્તિ પડિલેહવામાં આવે છે. તે ત્યારપછી વાંદણા દેવાના હોવાથી શરીર પડિલેહવા માટે છે.

પ્રશ્ન ૧૧–પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં પાક્ષિકની શરૂઆત થતાં છીંક ન આવવા માટે ચેતાવવામાં આવે છે, તે સાથે 'છીંક આવે તે માંડલા બહાર' એમ કહે છે, તે કેમ બની શકે ?

ઉત્તર–એમ કહેવાની પ્રવૃત્તિ પડી ગઇ છે, બાકી પ્રતિક્રમણ કરનારને માંડલા બહાર કરી શકાતા નથી.

પ્રશ્ન ૧૨–એવે પ્રસંગે કાઉસગ્ગમાં છીંક આવવા જેવું જણાય તો તેનું નિવારણ નાક ચોળીને થઇ શકે ?

ઉત્તર–ન થઇ શકે, કારણ કે એવો આગાર નથી.

પ્રશ્ન ૧૩–કોઇ દેરાસરના શિખરમાં પંખીએ માળો બાંધ્યો હોય તો તે કાઢી શકાય ?

ઉત્તર–જયણાપૂર્વક કાઢી શકાય.

# મનુષ્યની ત્રણ અવસ્થા.

( લેખક–દફતરી નંદલાલ વનેચંદ મોરબી. )

બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ અવસ્થાથી આ જીંદગી પૂર્ણ થાય છે. તેમાંથી બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા તો કેવળ નકામીજ છે, હારવાનું કે જીતવાનું ફક્ત વચલી યૌવનાવસ્થામાંજ હોય છે. શેરડીના સાંઠાનો પહેલો ચઠીઆનો તથા છેલ્લો ડુંઠાનો ભાગ નકામોજ છે; ફક્ત વચલી કાતળીઓજ ઉપયોગી છે અને તે વચલા ભાગને માટેજ લોકો પૈસા ખરચે છે. પછી ભાગ્ય પ્રમાણે ગળ્યો કે મોળો તેમાંથી રસ નીકળે છે. એમ આ મનુષ્યત્વની બાલ્યાવસ્થામાં બાગ્જેજ ગણી શકાય છે. કારણ કે તે અવસ્થા તો કેવળ રમત ગમતમાંજ નિરર્થક વ્યતીત થાય છે. કેશવકૃતિમાં કહ્યું છે કે.

હરિગીત છંદ.

જન્મ્યા પછી માતા પિતાના અંગપર આળોટતાં,
નાના પ્રકાર તણી રમતમાં એક ચિત્તે ચોટતાં;
રમતાં અને ભમતાં સદા ગમતા બધાને ગેલમાં,
અજ્ઞાનના આવરણમાં ખોયા બધા દિન ખેલમાં. ૧
ગેડી દડા ભારે લખોટા ચોર આંખ મિચામણી,
નાગેરિયા ગોફણ તતી મલકુસ્તીની ક્રીડા ઘણી;
ડજીઆ અને કંકાસ કીધા મૂર્ખતાના મ્હેલમાં,
અજ્ઞાનના આવરણમાં ખોયા બધા દિન ખેલમાં. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ રમતમાં અને ગમતમાં અનેક પ્રકારના પાપકર્મો કરી બાલ્યાવસ્થા કેવળ અજ્ઞાનપણામાંજ ગુમાવી દેવાય છે. વૃદ્ધાવસ્થામાં પણ સર્વ પ્રકારે શરીરની શિથિલતા થઈ જવાથી ધર્મસાધનાનું મનોબળ બીલકુલ રહેતું નથી. વળી તે વખતે તો મરણ સમય નજીક જાણીને કેટલાએક વૃદ્ધો તો અજ્ઞાનપણાને લીધે હાયવોય કરે છે. અનેક પ્રકારની નવી નવી પીપાસાઓ–ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે; માટે તે અવસ્થા પણ પ્રાતઃકાળના ચંદ્રબિંબની સમાન નિસ્તેજ છે. કોઇ વીરલા વિવેકી પુરૂષોજ વૃધ્ધાવસ્થામાં મમત્વભાવ ઘટાડી શાન્તપણે વિચરે છે. જ્ઞાની પુરૂષો તો મરણ સમયને પણ મહોત્સવ-તુલ્ય માને છે. કારણ કે જેમ આ લોકમાં મનુષ્ય જુનાં વસ્ત્રો તજી દઈને બીજાં નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમાં જેમ ખેદકારક કાંઈ નથી, તેમ આ ભવ પૂરો કરીને બીજો ભવ કરવામાં પણ બીજું શરીરજ ધારણ કરવાનું છે.

વૃદ્ધાવસ્થામાં ધર્મસામગ્રી મેળવવાને જોઇએ તેવું સામર્થ્ય હોતું નથી. સરકારી કે દરબારી ખાતામાં નોકરી કરનારા નોકરોને પણ વૃદ્ધ થાય એટલે પેન્શન-પગાર બાંધી આપી નોકરીમાંથી રજા આપે છે. તેમણે નિશ્ચય કર્યો છે કે–વૃદ્ધાવસ્થામાં નોકરી કરવા લાયક દશા રહેવા પામતી નથી. તો પછી પરમેશ્વરની નોકરી પણ તન મનના પરિશ્રમપૂર્વક કરવાની શક્તિ તો રહેજ કયાંથી ? માટે જે કરવું તે વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાંજ કરવું શ્રેષ્ઠ છે. 'પાણી પહેલાં પાળ બાંધવી' તેજ ઉત્તમ નરોનું લક્ષણ છે. કહ્યું છે કેઃ—

### શાર્દુલ વિક્રિડિત વૃત.

કાયા કંપી જશે ગતિ અટકશે દાંતો પડી સહુ જશે,
આંખે ઝાંખ થશે ન કાન સુણશે લાળો મુખે આવશે;
બુદ્ધિ મંદ થશે જીહ્વા અટકશે કાઠી ગ્રહી ચાલશે,
એવું વૃદ્ધત્વ આવતાં શ્રીપતિની ભક્તિ શી રીતે થશે ?

માટે વૃદ્ધાવસ્થાનો ભરોંસો ન રાખતાં ગમે તેટલા પરિશ્રમે યુવાનીમાંજ ધર્મ-સાધન કરી લેવું. એવો કાંઈ ખાસ નિયમ નથી કે દરેક મનુષ્યો વૃદ્ધાવસ્થા સુધી જીવી શકે ? વિચારશો તો ઘણા માણસો તો વૃદ્ધ થતાં પહેલાંજ મરણ પામી જાય છે. કહ્યું છે કેઃ—

### કવિત.

આયુષ્ય હે અલ્પતામેં, જીવ કરે શોચ પોચ;
કરવે કો બહોત કહો, કહા કહાકીજીએ ?
પાર નહિ પુરાણહુકો, વેદહુકો અંત નહિ;
ગિરામેં અનેક રસ, કહાં ચિત્ત દીજીએ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્યકી કળા અનંત, છંદકા પ્રબંધ બહોત;
રાગ તો રસીક અહો, કહા રસ પીજીએ?
તુલસી બતાય જાત, બિચારો અપને હી ભ્રાત;
સો બાતકી એક બાત, પ્રભુ નામ લીજીએ. ૧

મતલબ કે દુનિયામાં ગમે તેટલું દ્રવ્યાદિક મેળવ્યું પણ તે પરલોકમાં તો કાંઈ કામનુંજ નથી. કેટલાક જુવાનીઆઓ તો બિચારા અનેક પ્રકારની આશાભરીજ ભોંય ઉપર સુઈ ગયાછે, કેટલાક તો પરદેશમાં રળવા ગયેલ તે ત્યાં ને ત્યાં રહ્યા છે, જુવાનીમાં લોભરાજાની ફોજ આવી મળવાથી ધર્મારાધન દૂર રહે છે.

સામાન્ય રીતે મનુષ્યનું આયુષ્ય આ ચાલુ જમાનામાં બહુમાં બહુ સો વર્ષનું ગણીએ તો તેમાંથી પચાસ વર્ષ તો રાત્રિમાં નિદ્રાવડેજ ગુજારવામાં આવે છે, ને બાકી રહેલાં પચાસ વર્ષમાંથી પણ સાડા બાર વર્ષ બચપણમાં જાય છે અને છેલ્લાં સાડાબાર વર્ષ ખરેખર ઘડપણમાં ચાલ્યા જાય છે. બાકી રહેલા વચલા પચીશ વર્ષ નાના પ્રકારના રોગ, શોક અને વિયોગમાં તેમજ લક્ષ્મી આદિક મેળવવાના પ્રયત્નમાં ચાલ્યા જાય છે; તેથી પ્રાણીઓ જળના તરંગ જેવા અત્યંત ચંચળ જીવતરમાં ધર્મારાધન શીરીતે કરી શકે? કહ્યું છે કેઃ—

કાયા માયા કામિની, ત્રણે ભગીની ગણાય;
તન મન દઈ રક્ષણ કરે, તો પણ વિણસી જાય. ૧

માટે તેનું ગમે તેટલું રક્ષણ કરવામાં આવે તો પણ નાશ થયા વિના રહે તેમ નથી, તેથી ખાસ જાગૃત રહી જે ધર્મારાધન કરે તેજ આત્મકલ્યાણ કરી શકે છે. જે મનુષ્યો ગફલતીમાં રહે છે, અથવા સંસારમાં આસક્ત રહે છે, તેઓ ધર્મારાધન કરી શકતા નથી અને મનુષ્યજીંદગી ફોગટ ગુમાવી દે છે. આ લેખ ત્રણે અવસ્થાનું સ્વરૂપ સમજી જાગૃતિ રાખવા માટેજ લખવામાં આવ્યો છે.

## धर्मक्रिया विवेक.

### શ્રી શત્રુંજય તીર્થ સંબંધી બે બાબતો.

શ્રી શત્રુંજય મહાતીર્થ છે. શાશ્વત તીર્થ છે. અનેક ભવ્ય જીવોનો ઉધ્ધાર કરનાર તીર્થ છે. એ તીર્થની યાત્રાનો લાભ લેવા માટે અનેક ભવ્ય જીવો દૂર દૂરથી તેમજ નજીકના ગામો અને શહેરોથી આવે છે. તેઓ અનેક પ્રકારની ભક્તિ કરી પુન્યનું ભાતું બાંધી પાછા સ્વસ્થાને ગમન કરે છે. એ તીર્થની યાત્રાનો લાભ લેતાં નીચે જણાવેલી બે બાબતો બહુજ ખટકવાથી તે સંબંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ બંને બાબતોમાં જોઇતો વિવેક જાળવવામાં આવતો નથી એ ખરેખરી હકીકત છે. કોઈ પણ સુજ્ઞ એવી ક્રિયાને વિવેકવાળી કહી શકે તેમ નથી. કદિ અશકયતા બતાવીને ભલે છુટી પડે, પરંતુ વસ્તુમાત્ર યાવત્ મોક્ષ પણ જો પ્રયત્નસાધ્ય છે તો નીચે જણાવેલી બાબતો પ્રયાસસાધ્ય ન હોય એ માની શકાય તેમ નથી.

પહેલી બાબત મૂળનાયક પરમાત્મા શ્રી ઋષભદેવજીની પૂજા સંબંધી છે. જળપૂજા ( પખાળ ) તેમજ ચંદનપૂજા અને પુષ્પપૂજા કરવામાં સ્ત્રી પુરૂષોની એવી ભીડ થાય છે કે માત્ર પરમાત્માની પૂજા કરવાના ભાવના અતિશાયીપણાથીજ સ્ત્રીઓ અને પુરૂષો તેમાં દાખલ થાય છે; અને કોઇ પણ જાતની વિકાર બુધ્ધિ સિવાય પરમાત્માની પૂજા અલ્પ કે વિશેષ રીતે કરી આવે છે. પરમાત્માની સુદૃષ્ટિથી અને શ્રાવક શ્રાવિકાઓના હૃદયની નિર્મળતાથી તેમાં પરસ્પરના શરીરના સંઘટ્ટનથી પણ વિકાર ઉદ્‌ભવતો નથી એ ચોકસ હકીકત છે; પરંતુ એવું સંઘટ્ટન કોઇ પણ પ્રકારે ઘટિત તો નથીજ. એના ઉપાયનો વિચાર પ્રથમ બહુ વખત કરવામાં આવેલ છે; તેને માટે જુદા જુદા પ્રકારો બતાવવામાં આવ્યા છે; પરંતુ એકેનો અમલ હજુ સુધી થઈ શકયો નથી.

ઉપાય સંબંધી વિચાર કરતાં કેટલાક સુજ્ઞ બંધુઓ કલાક કલાકના સ્ત્રી પુરૂષોના વારા કરવાની સલાહ બતાવે છે; પરંતુ એવા વારા કરવામાં એ અડચણ આવે છે કે–સ્ત્રી કે પુરૂષોનો કલાકનો વારો પૂરો થઇ ગયા પછી બધી સ્ત્રીઓને કે બધા પુરૂષોને નીકળી જતાં અડધો કલાક નીકળી જાય; એટલે વારાની કલાકો જળવાય નહીં. તે કરતાં તદન ઉપાધિ વિનાનો રસ્તો તો " એક દિવસ સ્ત્રીનો અને એક દિવસ પુરૂષોનોજ વારો રાખવો. ૨ ચોકસ ઠરાવેલે ટાઇમે–બરાબર દશવાગે પખાળ થવીજ જોઇએ એવો નિર્ણય કરવો. ૩ જેનો વારો મૂળનાયકજીમાં ન હોય તેનો વારો નવા આદીશ્વરજીમાં રાખવો અને ત્યાં પખાળ કે પૂજામાં બીજા વર્ગને દાખલ થવા ન દેવા." એ જણાય છે.

એમાં એકજ સવાલ એ રહેશે કે ' એકજ દિવસ રહીને નીકળવાવાળા સ્ત્રી કે પુરૂષોને મૂળનાયકજીની પૂજાનો લાભ શીરીતે મળી શકે? ' તે બાબત એવો ઠરાવ કરવો કે ' બે વાગ્યા પછી સ્ત્રી ને પુરૂષો બંને સાથે પૂજા–ભક્તિ કરી શકે. ' જેથી એ અગવડ દૂર થશે.

આ બાબત શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિસાહેબોએ ધ્યાનપર લેવા વિજ્ઞપ્તિ છે. આ બાબત અન્ય શહેરોના શ્રી સંઘને લખી પૂછવું પણ આ બાબત કાંઈક વિવેકવાળું દેખાય તેમ કરવાની તો આવશ્યકતા છે. એનો અનુભવ દૃષ્ટિએ જોનારને બહુ સારી રીતે થાય તેમ છે, તેથી વધારે લખવાની જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી બાબત પુલના હાર સંબંધી છે. હાલમાં તમામ હાર સોયે વીંધીને કરવામાં આવે છે, ખાસ કોઈ ગૃહસ્થ કરાવે તોજ ગુંથીને કરવામાં આવે છે. પુલને સોયવડે વીંધવા એ તદ્દન અઘટિત છે. એમાં દયા નાશ પામે છે. પુલના શરીરમાં લાલ લોહી નથી, તેથી તેવો રંગ દેખાતો નથી, પરંતુ ધોળું પાણી તો નીકળે છે. વળી એમાં જેવા તેવા, ખરેલા કરમાયેલા પુષ્પો પણ દાખલ થઇ શકે છે. આ બાબત એકવાર તદ્દન બંધ કર્યા છતાં પાછું કેટલાક બંધુઓએ શરૂ કરાવી દીધું છે. જો કે શરૂ કરાવનારે ભક્તિભાવથી શરૂ કરાવેલ છે; પરંતુ એ ભક્તિમાં વિવેકનો અભાવ દેખાય છે. આ સંબંધમાં શાંતિથી વિચાર કરવાની જરૂર છે. એમાં અમુકના કથન પ્રમાણે કરવાનું નથી પરંતુ વિવેકયુક્ત અને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કરવાનું છે. આ બાબત પણ શેઠ આ. ક. ના પ્રતિનિધિ સાહેબોએ ધ્યાન આપવાની આવશ્યકતા છે.

આ બંને બાબત બહુ જરૂરની લાગવાથી જણાવી છે. એ સંબંધમાં દરેક વાંચનાર બંધુ પૂરતો વિચાર કરી પોતાના વિચારો અમારા ઉપર લખી મોકલવા તસ્દી લેશે તો અમે તે ખુશીથી પ્રગટ કરશું. અનુકૂળ કે પ્રતિકૂળ ગમે તેવા વિચારો થાય તે લખવા, અથવા બીજો કોઈ વધારે સરલ માર્ગ જણાય તો તે સૂચવવો. આ બાબત કાંઇ પણ સુધારો થવાની જરૂર છે તે તો નિર્ણયવાળી વાત છે.

## સુબોધ સંગ્રહ.

૧ અભેદ–એકાકારવૃત્તિ–સમભાવ એજ ધર્મનું રહસ્ય છે.

૨ અભેદના રસમાં ઓગળી ગયેલાં અંતઃકરણમાં એવી કોઇ અનુકંપા અને શુધ્ધતા વ્યાપે છે કે જેથી ભેદની દ્રષ્ટિ–સ્વાર્થ–દુઃખ કલેશાદિની વિડંબના તે હૃદયને રૂદન કરાવે છે.

૩ અતૂલ અને દુઃસહ વિઘ્નપરંપરાના અનુભવમાં ખીલેલા અનંત શુભાશયપુંજ એ પરિણામ છે કે જેવડે અનેક વીરલ પુરૂષોએ જગતમાં પોતાનાં નામો યશસ્વી અને અમર કર્યા છે.

૪ આ દુનિયાના નાટ્યસ્થળમાંથી જેઓ સ્વર્ગસ્થ થયા તેમની નિંદા ન કરો, તેમનામાં અમુક દોષ હતો ને તેઓ આવા હતા એ વાત છોડી દો, તેમણે અમુક દુઃખ વેઠ્યાં તે વાત પણ પડતી મૂકો, માત્ર તેમણે જે ઠીક કર્યું હોય તેનુજ સ્મરણ કરો.

૫ દુઃખ ન હોત તો સુખની કિંમત ન થાત; વિઘ્ન ન હોત તો પ્રયત્ન કે ઉત્સાહની કિંમત ન થાત.

૬ અનેક વિટંબના એજ ખરી કસોટી અને શિક્ષણ છે; અને તે જગતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીકટ પંથ બતાવનારા ભોમિયા છે.

૭ યુવાવસ્થા તે જીવનનો વસંત કાળ છે, તેમાં જો યોગ્ય તીખાશ કે આવેશ ન હોય તો પછી કશું થવાનું નથી.

૮ "હું અને મારૂં" એ શબ્દનું ભૂલી જવાપણું એજ પ્રેમની દિવ્યતા છે.

૯ રણવીર યોધ્ધાઓ કરતાં જેના અક્ષરદેહો સર્વદા જીવતાજ છે, એવા વિદ્વાનો વધારે અમર છે.

૧૦ સંસારને અસાર કહેવાય છે, પરંતુ તે અસારમાંથી પણ સાર સંચય થઈ શકે છે. કાયાથી પરોપકાર, ધનથી દાન, બુધ્ધિથી ધર્મ અને વાણીથી સત્ય વિનાસંકોચે સધાયાંજ જાય એજ માનવધર્મની ઉપયોગીતા છે.

૧૧ શાસ્ત્રો જેને જેને પુણ્ય કહે છે, તે આત્મકર્તવ્યતાનું રૂપજ હોઇ શકે છે.

૧૨ આપણાં આચાર–વિચારો જો આંતરદ્વારનાં ચિત્રરૂપે નથી હોતાં તો તે માત્ર બકવૃત્તિ યાને ઢોંગ છે—છેતરવાની જાળ છે.

૧૩ વર્ત્તમાન વિપત્તિમાં પણ ભાવીસંપત્તિના અંકુરો રહેલા હોય છે.

૧૪ દ્રઢ સંકલ્પ અને અપ્રેરિત પ્રયત્ન એ બે જવાહીરોથીજ આત્મકર્તવ્યની સિધ્ધિ છે.

૧૫ હૃદય હલકું રાખો, જેથી તમારૂં કાર્ય પણ હલકું થશે.

૧૬ અવિસ્મૃત ઉપયોગ એ ધર્મનું લક્ષણ છે.

૧૭ સહાયક વૃત્તિ એ સદ્વૃત્તિનો સુવર્ણ મુકુટ છે.

૧૮ આપણે ધનિક હોઇએ તો આપણાંથી નીચી સ્થિતિના માણસો આપણી તરફની સહાય મળવવા હકદાર છે. મનુષ્યે મનુષ્યને માટે બેદરકાર થવું તે મૂર્ખતા છે.

૧૯ જેટલા પ્રમાણમાં સ્વાર્થત્યાગ તેટલા અંશે પૂજનીયપણું પ્રગટે છે. સર્વથા ત્યાગીઓનાં ચરણમાં ક્રૂર પરિણામી જીવો પણ શાંત ભાવે શીર ઝુકાવી દે છે.

૨૦ દ્રવ્યની દરકારમાં સત્ય કે નીતિનો ત્યાગ એ આત્મદ્રવ્યની નીચી સ્થિતિ છે.

૨૧ સ્વદોષ અને પરગરીબાઇ મનુષ્યની દ્રષ્ટિએ આવતાં નથી; જો આવતાં હોત તો આ સૃષ્ટિમાં જે વિચિત્ર વર્તન ઉચ્ચ હોદ્દાના માણસો ચલાવી રહ્યા છે તે અદ્રશ્ય થાત.

૨૨ સાધારણ સ્થિતિમાંથી શ્રીમંત થતાં ઘણા માણસનું મગજ ઠેકાણે રહેતું નથી.

૨૩ સુધારાના પરમપ્રિય ભક્ત થવા ઇચ્છતા હો તો સુધારણાની શરૂઆત ઘરેથી કરો.

૨૪ પ્રયાસ વિના પ્રગતિ નથી અને ઐકયતા વિના ઉન્નતિ નથી.

૨૫ મનુષ્યને જો કીર્તિ સંપાદન કરવી હોય તો સત્કાર્ય કરવામાં મચી પડવાની જરૂર છે.

૨૬ મહેનત વિના ફળ નથી, અને હિંમત વિના બળ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭ ધનવાન થવું તે નશીબ આધીન છે; પરંતુ ચારિત્રવાન થવું તે દરેકના હસ્તની વાત છે. તેથીજ ધનવાનથી ચારિત્રવાનનો દરજ્જો ચઢીઆતો કહ્યો છે.

૨૮ ચૈતન્યવંત જીવન સીમાથી અંકાયેલું છે. જ્યારે જડ વસ્તુઓ દીર્ઘકાળી બની શકે છે.

૨૯ આંતરિક સત્યના અભાવે આપણાં સર્વ બાહ્ય આચારો જૂઠા નીવડે છે.

૩૦ કોઈ પણ શિક્ષા જો ગુન્હેગારને નીતિવાન અને સદાચારી ન કરે તો તે નકામીજ છે.

૩૧ જ્યાં પ્રપંચવાળી ચાલાકી નથી ત્યાંજ ખરા જીવનની સૌંદર્યતા છે.

**અમૃતલાલ માવજી શાહ.**

## લગ્નમંડપમાં લખવા યોગ્ય
# લગ્નપ્રસંગના રહસ્યમય મુદ્રાલેખો.

મારે હાલ કન્યાના માંડવે જવાનો પ્રસંગ બની આવ્યો. ત્યાં દેવશી વેલશી તલસાણીઆની સહીવાળા સુંદર હસ્તાક્ષરે લખેલ કેટલાક લગ્નપ્રસંગને લગતાં રહસ્યમય મુદ્રાલેખો જોવામાં આવ્યા. તે અહીં લખ્યા છે, અને તેમાં કેટલાક ઉમેરવામાં પણ આવ્યા છે.

### વેવાઇના બારણા પર સ્વાગતમ્ લખવું જોઇએ.

(૧) શ્રીફળ એ માંગલ્યની મૂર્તિ છે.
(૨) વરમાળ તે વરકન્યાની પ્રેમ–રજ્જુ ( પ્રેમપાશ ) છે.
(૩) માહ્યરૂં તે વરકન્યાનું સ્નેહમંદિર છે.
(૪) છેડાછેડી તે વરકન્યાનો પ્રેમ–પલ્લવ છે.
(૫) વરઘોડો એ ગૃહધર્મનો સ્વીકાર છે.
(૬) તોરણ તે ગૃહસ્થાશ્રમને રણતુલ્ય સૂચવે છે.
(૭) લામણ દીવડા તે દંપતીની સ્નેહજ્યોતિ છે.
(૮) પાણિગ્રહણ એ મહાજન સમક્ષ કરેલી પ્રતિજ્ઞાનું પ્રમાણપત્ર છે.
(૯) લગ્ન એ સ્રીપુરૂષની હૃદયગ્રંથીનું જોડાણ છે.
(૧૦) વરકન્યા ચોરીમાં કંસાર જમે છે, તે દંપતિજીવનને મીઠું બનાવવાની જામીનગીરી આપે છે.
(૧૧) મુશળ (સાંબેલું) તે ખેતીવાડીની,
સુશળ (સાંબેલું) તે અનાજ ખાંડવાની,
ઝેરો તે ગાયો પાળવાની,
ત્રાક તે રેંટીયો કાંતવાની–પોંખતી વખતે સૂચના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૨) પંચોલુ એ ભ્રાતૃભાવનું ભાણું છે.
(૧૩) પીડી એ શરીરની સંજીવની છે.
(૧૪) ધોળા પાઉડર કરતાં એ પીળો પાઉડર સો દરજ્જે સારો છે.
(૧૫) હોઠ નહિ પણ હૈયાં જોજો,
સાધન નહિ પણ સાધના જોજો,
ભોજન નહિ પણ ભાવના જોજો,
ફુલ નહિ તો ફુલની પાંખડી, જે ધરીએ તેથી રાજી થાજો.
(૧૬) સુદામાના તાંદુલ, વિદુરજીની ભાજી;
દાસની સેવા, સ્વકારી થશો રાજી.
(૧૭) સંપત છે તેટલું દઈશું, પછી હાથ જોડી ઉભા રહીશું
(૧૮) ગૃહિણી એ ઘરનો સ્થંભ છે.
(૧૯) છપ્પા.
આપણું કન્યારત્ન, અન્ય ઘર વહુ બને છે;
વહુ આપણી આહીં, પુત્રી તે પિયર ગણે છે;
પુત્રી વહુપર પ્રેમ, સાસરે સરખો રહેશે,
ગૃહસંસારે સુખ, સાસુ માતા સમ લેશે.
ગૃહિણી ઘરનું નૂર છે, ગુલામડી ગણશો નહીં;
"દુર્લભ" દિલ દુભાય છે, દુઃખ કલેશ કરશો નહિ.
(૨૦) વડીલોની આશીર્દ્રષ્ટિ એ જીવનની મીઠાશ છે.
(૨૧) વડીલોની સેવા એ જીંદગીનું અમૃત છે.
(૨૨) પતિ–પગ પૂજજે બ્હેની, શિયળ શણગાર ધારીને.
(૨૩) સર્વ શ્વસુરના સાથમાં, બ્હેની પાથરજે પ્રેમજો,
'પતિવ્રતા' ધર્મ પાળજે, રાખી તન મનની ટેક જો;
આપણા કુળને અજવાળજે, રાખી વિનય વિવેક જો;
'સેવા–ધર્મ' ને તું સેવજે, 'દુર્લભ' બંધુની બ્હેન તે.
(૨૪) માંડવામાં બાંધવાના મહાત્મા ગાંધીજીના ફોટા નીચે:—
ભલેને જેલમાં પૂરો, છતાં સૌને નમાવે છે,
દીવાલો દુર્ગની તોડી, બધે પ્રભુતા જમાવે છે;
તેત્રીશ કોટી હિંદીઓ, સહુ એક તે ઇચ્છા કરે,
સ્વરાજ્ય એ તો કંઇ નથી, પણ સ્વર્ગનેય ભુલવશે.
(૨૫) મૌલાના મહમદઅલી અને શૌકતઅલીના ફોટા નીચે:—
હિંદુ મુસલમીન એક સરખા એજ સાચી ટેક છે;
અલ્લાહ કહો ઈશ્વર કહો આ બધા બેના એક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૬) પંડીત નેહરૂજીના ફોટા નીચેઃ—

અમે ના દાસ લક્ષ્મીના, અમારી દાસી એ થશે;
અમારા દેશને માટે, ખુવારી છો બધી થશે.

પ્રિય બંધુઓ ! માંડવામાં જેવા તેવા ફોટા ટાંગવાને બદલે ઉપર જણાવેલ લગ્નપ્રસંગનું રહસ્ય સૂચવતાં મુદ્રાલેખો ટાંગવાની ખાસ જરૂર છે. કેટલાક બંધુઓ લગ્નપ્રસંગ વિષેનું રહસ્ય સમજતા નથી તે માટે આવા મુદ્રાલેખો તેમજ દેશભક્તોના થોડા ફોટા ટીંગાડવાની પણ આવશ્યકતા છે. તે મુદ્રાલેખો સુંદર અક્ષરે લખી એવી રીતે ગોઠવી દેવા જોઇએ કે જેથી માંડવાની સુંદરતામાં વૃદ્ધિ થાય. ઠેર ઠેર આ રીવાજ ચાલુ થવાની ખાસ જરૂર છે. રંગ બેરંગી આવા કાગળો છપાવવામાં આવે તો પણ ઘણું સારૂં. હજુ કેટલાક મુદ્રાલેખો લખવા જેવા છે તે અન્ય કોઇ ભાઈ વિચારી બરાબર ગોઠવી બહાર મૂકશે એવી આશા સાથે વીરમું છું.

સંઘવી જયંતીલાલ છબીલદાસ–મોરબી.

---

# पालीताणा ( राज्यनी ) पापवृत्ति.

( સૌરાષ્ટ્ર–તા. ૨૪–૩–૨૩ )

"જકાતથી રાજની પેદાશ વધે એ તો આપણે જરૂર ઇચ્છીએ, પણ જાણે પાલીતાણા સ્ટેટની કોઇ અણમોલી વસ્તુ જમાનાઓ થયાં ખોવાઇ ગઈ હોય અને તે વસ્તુ જાત્રાળુઓની પેટીઓમાંથી અકસ્માત જડી આવે તો પકડી પાડવી; એ ઉદ્દેશથીજ જાત્રાળુઓના દિવસે અને રાત્રે લબાચા ચુંથાય છે. તેમાં રાજની આવક વધારવા કરતાં જૈન જાત્રાળુઓને હેરાન કરવાનો વિશેષ ઉદ્દેશ હોય એમજ લાગે છે. જકાત તો હંમેશાં વ્યાપારની વસ્તુ ઉપરજ હોવી ઘટે. રોજની વપરાશની કે પૂજાની સામગ્રી કેસર અને સુખડ ઉપર પણ જકાત લેવાય અને એ જકાત ભરવા પાઈ કે બે પાઇ માટે કલાક અર્ધો કલાક આરોપીની જેમ ઉભું રહેવું પડે એ એક અપમાન જેવું ભાસે છે."

"અમે તો આશા કરેલી કે શત્રુંજયની મીઠી છાયામાં એક ડાહ્યા જુવાન રાજા છાનો માનો બેઠો બેઠો પ્રજાકલ્યાણની કોશીશો કરી રહ્યા છે ( હશે, ) ત્યાં તો એક ખબરપત્રીએ ઉપલું વજ્ર ફેંક્યું. અમારા વિસ્મયનો ને દર્દનો શો પોકાર કરવો ? કાઠિયાવાડના રાજ્યોમાં સારાં નરસાંનો ભેદ શું હવે રહ્યા જ નથી ? દેવને ચડતાં કેશર ચંદનમાં પણ એક ધર્મપાલક ક્ષત્રીનો જીવ પડ્યો ?

એક તરફ કપરથલાનો ધણી પોતાની ઇસ્લામી પ્રજાને બંદગી કરવા મસ્જીદ બંધાવી આપે છે, ત્યારે અમારા પાલીતાણાના ઠાકોરના હૃદયમાં જૈનોની શાંત દેવપૂજા પણ સમાતી નથી. રાજા ! તમારી ભૂમિમાં લાખો કરોડો ધર્મઘેલડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોનો આત્મારામ **શત્રુંજય** આજ યુગ યુગ થયાં અવિચળ બેઠો છે. એને ડાંગરે તમારી કીર્ત્તિનાં ને ધર્મવત્સલતાનાં કિરણો ઝળહળી રહ્યાં છે. એ સદ્ભાગ્ય તો તમારાં ને તમારી સાત સાત પેઢીનાં કોઈ કોટિ કોટિ પુણ્યોનું દેવનું દીધેલું ફળ છે, એ વાત વિસરજો મા, સાવધ રહેજો, રખે એ પુણ્યના પુંજમાં અર્થલોભની ચિનગારી અચાનક દાવાનળ ન સળગાવી મેલે. જાઓ, જરા નજર કરો, સોમનાથના ખંડેરો ઉપર, તમારા ક્ષત્રીવીરોએ એવાં અનેકાનેક તીર્થધામોની રક્ષા માટે પોતાનાં મીઠાં શોણિત રેડ્યાં છે, ક્ષત્રીની ઓલાદ શું એટલા વર્ષોમાંજ પલટાઈ ગઈ? જે અવિચળ છે તે કદી પલટે ખરૂં? તમને શુદ્ધ હૃદયના આશાજનક રાજવીને આવી કુટિલ શિક્ષા દેનારો કોણ મળ્યો એ તો કહો? તમારા કજીઆ જો વ્યાજબી હોય તો જૈન જેવી શાંતિપ્રિય, મૃદુતામય, દિલાવર કોમમાં ડાહ્યા અગ્રેસરો કયાં નથી કે જે તમારા દિલનું સમાધાન ન કરે? આટલી જકાત છે, હજુ વધારો તો વધી શકશે, ધર્મઘેલડાં જૈનો તો જીવને સાટે પણ શત્રુંજયની જાત્રા સાધશે. પણ યાદ રાખજો મહારાજ! પાલીતાણા ઉજ્જડ ન થાય? યાત્રળુઓના નિઃશ્વાસ તમારે આંગણે એકઠાં ન થાય? અહિંસાની પતાકા ધરતીપર ઢળીને પાલીતાણાને કપાળે કલંક ન ચોંટાડે? આજ તો જાણે પાલીતાણાની દેવડીએ બેઠા બેઠા કોઇ અસુર એ દેવની પૂજામાંથી ભાગ પડાવે છે એમ લાગે છે. જૈનોને કનડવાનો ઈરાદો તમારો કદી ન હોય એ તો દેખીતુંજ છે. રાજ્યને તો માત્ર જકાત જોઇએ; પણ જો રાજાના મનમાં ધર્મપાલકપણું જાગૃત બેઠું હોય તો શી મગદૂર છે રાજ્યના નોકરોની, કે યાત્રાળુઓને છડે ચોક અપમાન આપી કનડે? પાલીતાણાનું એ કલંક હિંદુસ્થાનના સીમાડા સુધી કહેવાતું જાય એમાં રાજ્યની શી શોભા રહી?"

**સૌરાષ્ટ્ર તા. ૩૧-૩-૨૩.**

પાલીતાણાના નવ યુવાન નરેશે એક વરસ પહેલાં પોતાના માનવંતા અતિથિ શ્રી મુંબઈના ના. ગવર્નરની સન્મુખ ઉચ્ચારેલા નીચે પ્રમાણેના ઉદ્‌ગારોનું અમે એ અમારા આશાજનક રાજવીને સ્મરણ કરાવીએ છીએ.

"શત્રુંજય જેવું પવિત્ર તીર્થધામ પોતાના રાજ્યમાં હોય તે તો રાજાને ગર્વનું કારણ છે. કારણ કે એથી તો જાતજાતનાં યાત્રાળુઓના સમાગમમાં આવી શકાય છે અને મારે મન તો એ દૂર દૂર પ્રદેશોમાંથી આવનારાં ધર્મઘેલડાં ગરીબ યાત્રાળુઓના મિત્ર બનવામાં અમૂલો એક લ્હાવ છે. હું તો ફકત મ્હારી પોતાની પ્રજાનું હિત ન બગડે તેટલીજ કાળજી રાખીને આ યાત્રાળુઓને સંપૂર્ણ સુખ સગવડ આપવા સદા આતુર રહું છું." આ પ્રમાણે બોલનારા રાજવંશીની દેવડીએ ક્ષુલ્લક જકાતને ખાતર વીંખાતા યાત્રાળુઓના લુખાયા તરફ આંગળી ચીંધીને અમે પૂછીએ છીએ કે "જકાતની કનડગતમાંથી યાત્રાળુઓને મુકત કરવા જતાં આપની વ્હાલી પ્રજાના કયા હિતને હાનિ પહોંચે છે? એનો ઉત્તર અમને ન અપાય તો કાંઈ નહિં આપના અંતરાત્માનેજ આપી દેજો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન યુવક પરિષદ્‌ની આવશ્યકતા.

ભાવનગર મુકામે દીવાળી પછી આવતા વર્ષની શરૂઆતમાં કાઠીયાવાડ રાજકીય પરિષદ્ મળવાની છે, તેની સાથે ગુજરાત સાહિત્ય પરિષદ્ પણ મળવાનો સંભવ છે; તો ઉક્ત પ્રસંગનો લાભ લઇને તે સ્થાનમાં જૈન યુવક પરિષદ્ બોલાવવાની ઘણા ભાઇઓની ઇચ્છા થઇ છે. ભાવનગર એ જૈનોની સારી વસ્તીવાળું કેન્દ્રસ્થાન ગણી શકાય એમ છે, અને વળી ત્યાં ખાતે ઉત્સાહી યુવકગણની સાથે માર્ગદર્શક થાય તેવો વડીલ વર્ગ પણ છે; તો જાહેર પ્રજાની સલાહ અને સંમતિ માટે અમે નીચેના પ્રશ્નો ચર્ચા માટે મૂકીએ છીએ અને આશા રાખીએ છીએ કે 'જૈન' પત્ર દ્વારા જૈન બંધુઓ પોતાના વિચાર જણાવી આભારી કરશે.

આજથી બે માસની અંદર ચાલુ ચર્ચા અને પત્રવ્યવહારને અંગે જો જૈન-મંડળો અને જવાબદાર વ્યક્તિઓ તરફથી આ બાબત સંબંધે સમભાવ અને વિચારોની એકતા જોવામાં આવશે તો તુરતમાં નિર્ણય ઉપર આવી જઇ અમારા મંડળ તરફથી પરિષદ માટે કામચલાઉ કાર્યવાહક કમીટી નીમી દેવામાં આવશે; તેથી વિનંતિ કરવામાં આવે છે કે મંડળો અને બીજા ભાઇઓ ચર્ચા તુરતમાં શરૂ કરશે. અમારા મંડળને જે પ્રશ્નો ચર્ચા યોગ્ય જણાયા તે સમાજ પાસે મૂકયા છે, અન્ય જે જે પ્રશ્નો ચર્ચા યોગ્ય જણાય તે સમાજ પાસે મૂકવા અથવા અમને જણાવવા વિનંતિ છે. જે મંડળોને અમારા તરફથી પ્રશ્નોની યાદી ન મળી હોય અને જેઓને અમો ન જણાવી શકયા હોઇએ અથવા જેમની હયાતી વિષે અમને ખબર ન હોય તેઓ અમને નીચેને શીરનામે લખી પ્રશ્નપત્રિકા મંગાવી લેવા કૃપા કરશે.

## પ્રશ્નો.

૧ આવી પરિષદ્‌ની આવશ્યકતા છે કે કેમ ?

૨ પરિષદ્ બોલાવવી ઘટે તો શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની કે ત્રણે ફીરકાની ?

૩ પરિષદનું કાર્યક્ષેત્ર શું હોવું જોઇએ ? એટલે હાલ તુરત કયા પ્રશ્નો હાથ ધરવા ?

૪ કચ્છ કાઠીયાવાડ ગુજરાત અને મુંબઇ શહેરના જૈનો સિવાય હિંદના બીજા ભાગોના જૈનોને આમંત્રણ કરવું કે કેમ ?

૫ દરેક ગામ, શહેર કે પ્રાંત માટે પ્રતિનિધિત્વ કયા પ્રકારે રાખવું ?

૬ પરિષદ સ્વાશ્રયી થઇ શકે તેટલા માટે પ્રતિનિધિની ફી કેટલી રાખવી ?

શ્રી જૈન અભ્યાસક મંડળ
મુંબઇ-માંડવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઉત્તરો.

૧ આવી પરિષદ્‌ની આવશ્યકતા છે. સ્થળ સંબંધી રૂબરૂ મળીને નિર્ણય કરવો.

૨ પ્રથમ એકલી મૂર્ત્તિપૂજકની બોલાવવી, પછી તેની સંમતિ મેળવીને ત્રણે ફીરકાની બોલાવવી.

૩ કોમની અવનતિ થવાના કેટલાક પ્રકારો બહુ વખતથી શરૂ થયેલા છે. તે અટકાવવાનો પ્રયત્ન કરવા સંબંધી કાર્ય હાથ ધરવું, તેમાં પણ માત્ર ઠરાવો કરીને બેસી રહેવાથી સિદ્ધિ થવાની નથી, ઠરાવો તો ઘણી વાર થયેલા છે, હવે તો તેવાં કાર્ય કરવામાં પ્રવૃત્તિ કરવાની જરૂર છે.

૪ હાલ તો કચ્છ કાઠિયાવાડ ગુજરાત અને મુંબઈનેજ આમંત્રણ કરવું; પછી વિસ્તાર વધારવો.

૫ દરેક ગામ, શહેર કે પ્રાંત નીમીને મોકલે તેને પ્રતિનિધિત્વ આપવાનું ધોરણ રાખવું, પછી તેમાં કોઈ જરૂરીયાતવાળા ગૃહસ્થ રહી ગયા જણાય તો તેને ખાસ આમંત્રણ કરવું.

૬ પ્રતિનિધિની ફી રૂ. ૫ થી ૧૦ સુધી રાખવી. આ બાબત બીજાના વિચારો અને અભિપ્રાયોને ધ્યાનમાં લઈને નિર્ણય કરવો.

તંત્રી—જૈન ધર્મ પ્રકાશ.

# રિપોર્ટોની પહોંચ.

### ૧ શ્રી કરાડ ખાતે મળેલી જૈન શ્વેતાંબર પ્રાંતિક પરિષદ્‌નો હેવાલ.

આ પરિષદ્ ગયા વર્ષના જયેષ્ટ માસમાં શુદિ ૫ થી ૮ સુધી ચાર દિવસ મળી હતી. તેનો રિપોર્ટ હાલમાં બહાર પડેલો મળ્યો છે. એ પરિષદ્‌ના બંને પ્રમુખના ભાષણો ખાસ વાંચવા લાયક છે. પરિષદ્‌ના પ્રમુખ શેઠ બાલચંદ હીરાચંદ માલેગામવાળા હતા. તેમણે બહુ વિદ્વત્તાભરેલું ભાષણ કર્યું છે. ઠરાવો પણ બહુ ઉપયોગી થયા છે. ગાંધી મહાત્માની અહિંસાપરાયણ ચળવળને અનુસરતા બે ત્રણ ખાસ ઠરાવો છે. દક્ષિણી બંધુઓ એ સંબંધમાં આગળ વધેલા જણાય છે. દરેક ઠરાવો ઉપરના ભાષણો પણ આપેલા છે. રિપોર્ટ બહાર પાડવાની ખાસ આવશ્યકતાવાળો છે.

### ૨ શ્રી સ્તંભતીર્થ જૈન મંડળ અને સ્તંભતીર્થ ચૈત્ય વ્યવસ્થાપક કમીટીનો સંયુક્ત રિપોર્ટ—સંવત ૧૯૭૫ થી ૭૮ નો.

આ મંડળે મુંબઈ જેવા વ્યવસાયી શહેરમાં રહીને પણ કામ બહુ સારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલ છે. ઘણીવાર મળેલ છે. ઘણી પત્રિકાઓ બહાર પાડી છે. ખંભાત શહેરના જૈનબંધુઓના હિતને માટે બન્યું તેટલું કર્યું છે. ચૈત્ય વ્યવસ્થાપક કમીટીએ ખંભાતના દેરાસરોની સંભાળ લીધી છે. જરૂર પૂરતી વસ્તુઓ-ઉપગરણો પૂરા પાડેલ છે. તેમની ભાવના બહુ ઉત્તમ છે. પ્રાંતે બે દેરાસરોના જીર્ણોદ્ધાર માટે, પાંચ જિનમંદિરો વધાવી લેવા માટે અને છ ઘરદેરાસરવાળાને કેટલીક સૂચના કરવા માટે ખાસ ધ્યાન ખેંચ્યું છે. ઘણા દેરાસરોવાળા મોટા શહેરમાં આવા મંડળની ખાસ આવશ્યકતા છે. રીપોર્ટમાં જરૂર પૂરતી ઘણી હકીકતો સમાવી છે. અમે એ મંડળની ફતેહ ઇચ્છીએ છીએ.

## ૩ શ્રી સુરત નેમુભાઈની વાડીના રથખાતાનો તથા જ્ઞાન ખાતાનો હીસાબ તથા રિપોર્ટ.

આ રીપોર્ટ સં. ૧૯૭૨ થી ૭૮ સુધીનો ઝવેરી જીવણચંદ સાકરચંદે બહાર પાડેલો છે. પોતાના તાબાના શુભખાતાઓના રિપોર્ટ આવી રીતે દરેક સ્થળેથી બહાર પડવાની જરૂર છે. સદરહુ રથ, રૂા. ૧૨૦૦૦) ની નોટો અને રથ ખાતાના છેવટે સીલકે રહેલા રૂા. ૮૮૫) જીવણચંદભાઈએ નેમુભાઇની વાડીના ટ્રસ્ટી સાહેબોને સોંપી દઇ પહોંચ લીધી છે. દરેક ખાતા આવા સ્વચ્છ ચાલતા હોય તો જૈનવર્ગને કોઈ પણ પ્રકારની ખામી પડે નહીં. જીવણચંદભાઈ પાસેના જ્ઞાન ખાતાનો, જીવાત ખાતાનો, સૂર્યમંડણ આંગી પૂજા ખાતાનો પણ હિસાબ એની અંદર આપવામાં આવેલો છે.

## ૪ શ્રી જૈન વનિતાવિશ્રામ ગોપીપુરા સુરતનો સંવત ૧૯૭૭-૭૮ નો રિપોર્ટ.

આ રિપોર્ટ વાંચતાં એ ખાતાનો લાભ સારો લેવામાં આવે છે એમ જણાય છે. સ્ત્રીઓની સંખ્યા ૪૦થી૫૦ લગભગ રહે છે. વહીવટ ઠીક ચલાવવામાં આવે છે. વધારે સહાયની અપેક્ષા ધરાવે છે. આવા ખાતાઓનો ખરો અનુભવ જાતે એવા ખાતાની મુલાકાત લેવાથીજ થઈ શકે છે. નિઃસ્વાર્થ પ્રયાસ કરનારને ધન્યવાદ ઘટે છે. આ સંસ્થા તરફથી 'મહિલાભૂષણ' નામે માસિક નીકળે છે, તે સ્ત્રીવર્ગને ખાસ વાંચવા વંચાવવા લાયક છે. વાર્ષિક લવાજમ રૂા. ૨ છે.

## ૫ શ્રી જૈન સેનીટરી એસોસીએશનનો ત્રીજો વાર્ષિક રિપોર્ટ. સં. ૧૯૭૭-૭૮

આ ૧૬ માસનો રિપોર્ટ છે. તેની અંદર ઘણી બાબતો સમાવેલી છે. મુંબઈ શહેરમાં વસતી ગરીબ સ્થિતિવાળી જૈન પ્રજાને આ એસોસીએશન આશીર્વાદનું સ્થાન છે. દાદર ઉપરની એક ચાલી ને ચીચપોગલી ઉપરની છ ચાલી-કુલ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલીનો વહીવટ તે કરે છે. તેમાં એકંદર ૩૯૪ ઓરડીઓ છે. તેનો લાભ સુમારે ૧૫૦ ગામથી મુંબઇ આવેલા ૩૭૪ જૈન કુટુંબો લે છે. આ ચાલીની અંદર દવાખાનાની, દેરાસરની, ઉપાશ્રયની, લાઈબ્રેરીની વિગેરે વ્યવસ્થાઓ કરી છે તે બહુ સ્તુતિપાત્ર છે. સેક્રેટરીઓનો તેમજ વ્યવસ્થાપક કમીટીનો પ્રયાસ પ્રશંસનીય છે. ઉદાર દિલના ગૃહસ્થો પહેલા, બીજા અને ત્રીજા વર્ગના સભાસદ રહીને વાર્ષિક સહાય સારી આપે છે તેથીજ આ ચાલીઓનો લાભ ઓછે ભાડે આપી શકાય છે. રિપોર્ટ ખાસ વાંચવા લાયક છે. તેની અંદર ૧૬ માસની આવક જાવક બતાવી છે. તેને બદલે ૧૬ માસનો ઉપજ ખર્ચજ માત્ર બતાવવો જોઇએ, તેથી પરભારી રકમો તારવવી ન પડે. સરવૈયામાં તેનો સમાવેશ થઈ જાય. અમે આ એસોસીએશન પોતાના પ્રયાસમાં હજુ આગળ વધે એમ ઇચ્છીએ છીએ.

## ૬ શ્રી લાલપર ( તાબે જામનગર ) ના દેરાસરજીનો સં. ૧૯૬૬ થી સં. ૧૯૭૮ સુધીનો રિપોર્ટ.

આ રિપોર્ટમાં ઘણી હકીકતો સમાવેલી છે. વાંચવા લાયક છે. હીસાબ બહુ સારી રીતે રાખવામાં આવેલ છે. કમીટી વિગેરેનું બંધારણ સારૂં છે. મેનેજર તરીકે કામ કરનાર મહેતા મોતીચંદ પાનાચંદ ઘણા ઉત્સાહી છે. તેમના પ્રયાસનુંજ આ શુભ પરિણામ છે. પ્રસ્તાવનાના પ્રારંભમાં આવા રિપોર્ટો બહાર પાડવાની દરવર્ષે, ત્રણ વર્ષે, છેવટ પાંચ વર્ષે ખાસ આવશ્યકતા જણાવી છે; છતાં એમણેજ ૧૩ વર્ષનો ભેળો બહાર પાડ્યો છે. હવે પછી આવું લંબાણ નહીં થાય એવો સંભવ છે. પ્રથમ સં. ૧૯૬૦ થી ૬૬ સુધીનો રિપોર્ટ બહાર પાડેલો ત્યારપછીનો આ બીજો રિપોર્ટ છે, તેથી ટાઇટલ ઉપર રીપોર્ટ ભાગ ૨ જો. લખેલ છે. આ રિપોર્ટમાંહેની બે હકીકતે ખાસ અમારૂં ધ્યાન ખેંચ્યું છે.

૧ આ રિપોર્ટમાં આવેલા નિયમો ખાસ વાંચવા લાયક છે. તેની ૩૫મી કલમમાં મેનેજર અને સબ મેનેજરની જગ્યા ખાલી પડે ત્યારે નવી નીમનોક કરતાં આ પ્રમાણેની હકીકત ધ્યાનમાં રાખવા લખે છે. " ૧ બરાબર ધર્મ ચુસ્ત હોવા જોઇએ. ૨ ખાનદાન કુટુંબના હોવા જોઈએ. ૩ બુદ્ધિશાળી અને નજર પહોંચાડનાર હોવા જોઇએ. ૪ નીખાલાસ મનના હોવા જોઇએ. ૫ પક્ષાપક્ષ નહીં રાખનાર હોવા જોઇએ. ૬ સંપની વૃદ્ધિ કરનાર અને કુસંપ ટાળનાર હોવા જોઈએ. ૭ શ્રી સંઘને માટે કાંઇ પણ શ્રમ કરી શકે તેવા હોવા જોઇએ. ૮ સાતવ્યસન સેવનાર ન હોવા જોઇએ. આ પ્રમાણેના ગુણો પૈકી જેનામાં ઉત્તમ ગુણ દેખાય અને શ્રી સંઘ પસંદ કરે તેઓની બહુમતે નીમનોક કરવી. "

આગળ ૩૬ મી કલમમાં લખે છે કે—" સાત વ્યસનમાંથી એક પણ વ્યસન તે સેવે છે. એવી શ્રી સંઘને ખાત્રી થશે તો તેને કમીટીમાંથી દૂર કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘ મુખત્યાર છે." આ યોગ્યતાનું ધોરણ ખાસ ધ્યાન આપવા લાયક છે.

૨ પ્રાંતે પર્યુષણ પર્વમાં લાલપર મહાલના મે. મેજીસ્ટ્રેટની કોર્ટથી દરવર્ષ ફરમાન બહાર પડે છે તે આપવામાં આવ્યું છે. તે અવશ્ય વાંચવા લાયક છે.

"સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે-જૈન લોકોના પર્યુષણપર્વ શ્રાવણ વદિ ૧૧ શનીવાર તા. ૧૯-૮-૨૨ થી શરૂ થાય છે તે ભાદ્રપદ શુદિ ૪ શનીવાર તા. ૨૬-૮-૨૨ ના રોજ પૂરા થાય છે. તે મુદત દરમ્યાન ખાટકી, કસાઈ, કોળી, વાઘરી, વાઘેર, સીદી, પીંજારા વિગેરે લોકોએ કાંઈ પણ જીવહિંસા કરવી નહીં, તેમજ સોની, લુહાર, ઘોબી, ચુનારા, કંદોઈ, કંસારા વિગેરે લોકોએ ચુલા કે ભઠ્ઠી કરવી નહીં. એમ હજુરશ્રીનુ [મે. જામસાહેબનું] ના. ૮૯૪ તા.૧-૯-૨૩ નું ફરમાન થયેલું છે. માટે સદરહુ પ્રમાણે સહુએ વર્તન ચલાવવું. એમ છતાં તે હુકમ પ્રમાણે વર્તન જે કોઈ જાણી જોઈને ચલાવશે નહિ તો તે ઉપરના નિર્દિષ્ટ કરેલા હુકમનું અપમાન કર્યાના ચાર્જ વાસ્તે જોખમદાર થશે." આ હુકમ નીચે કોર્ટનો સહી સીક્કો કરેલો છે.

આવા હુકમો કઢાવવાનો દરેક શહેરના આગેવાનોએ પ્રયાસ કરવા યોગ્ય છે. આ હકીકત તેમને પુરાવા તરીકે રજુ કરવામાં બહુ ઉપયોગી છે.

આ રિપોર્ટમાં છેવટે જામનગરના સીટી ફ. ક. માજીસ્ટ્રેટ રા. રા. સાંકળચંદ નારણજી શાહે આપેલો અભિપ્રાય છપાવેલો છે. તેમાં તેઓ સૂચવે છે કે- "દેરાસરોમાં દ્રવ્ય વધે ત્યારે હીરામાણેક વિગેરેના દાગીના કરાવવાનો મોહ રાખવો જોઈએ નહીં, પરંતુ દેરાસરનો નીભાવ થાય તેવી સ્થાવર મીલ્કત વસાવવી જોઈએ કે તેથી ભવિષ્યમાં અગવડ આવે નહીં; ઉપરાંત રોકડ રકમ વધે તો જીર્ણોદ્ધારના કામ માટે બીજા દેરાસરોને મદદ આપવી જોઈએ."

અમે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરનાર સંસ્થાની ફતેહ ઈચ્છીએ છીએ અને બીજા વહીવટકર્તાઓને તેનું અનુકરણ કરવા સૂચવીએ છીએ.

## ૭ શ્રી કોચીન પાંજરાપોળનો રિપોર્ટ
## (સં. ૧૯૭૧ થી સં. ૧૯૭૭ સુધી)

આ રિપોર્ટની અંદર પણ બહુ બાબતો સમાવેલી છે. હીસાબ પણ બરાબર બતાવેલો છે. ઉપજ પણ વેપાર ઉપર લાગો નાખીને ઠીક કરવામાં આવી છે., તે લાગાથી બીજા પણ કેટલાક શુભખાતાઓને પોષણ મળે છે. આ બાબતમાં ખાસ પ્રયાસ તે ખાતાના પ્રમુખ ઠકર. લાલજી નેણશીનો જણાય છે. અમે તેમના ઉત્સાહમાં વૃદ્ધિ થાય અને તેઓ અપંગ તેમજ અબોલ જનાવરો જેમ બને તેમ વધારે સુખી થાય તેવો પ્રયાસ કરે એમ ઈચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૮ મુંબઇની શ્રી જીવદયા મંડળીનો સને ૧૯૨૧ નો રિપોર્ટ.

આ રિપોર્ટની અંદર ઘણી બાબતો સમાવેલી છે. ખાસ વાંચવા લાયક છે, એ મંડળીનું કામ બહુ આગળ વધેલું છે. એ મંડળીની આજ સુધીની હીલચાલથી થયેલા શુભ પરિણામોની નોંધ આપી છે. તે વાંચતા સંતોષ થાય તેમ છે. કાર્યવાહકો બહુ ઉદ્યમી અને ફરજ બજાવનારા છે. એમની તરફથી જીવદયા નામનું માસિક નીકળતું હતું તે બંધ કરવું પડ્યું છે, એ હકીકત વાંચી ખેદ થાય છે. અમે એ મંડળીમાં ભાગ લેવા અને તેને યથાયોગ્ય સહાય કરવા દરેક આર્યબંધુને પ્રાર્થના કરીએ છીએ અને મંડળની ફત્તેહ ઇચ્છીએ છીએ.

---

## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી.

હેડ ઓફીસ—ભાવનગર.

### સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.

સં૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી.

રૂા. ૫૦૦૦૦) પચાસ હજારની. એક ટીકીટની કિંમત રૂા. ૧)

પહેલું ઇનામ રૂા. ૫૦૦૦) પાંચ હજારનું મેળવવાને ભાગ્ય અજમાવો.

આ લોટરીના રૂા.૫૦૦૦૦)માંથી રૂ.૨૦૦૦૦) ઇનામમાં વહેંચવાનું ઠરાવવામાં આવ્યું છે. તે વીશ હજાર રૂપીઆના ઇનામોની સંખ્યા ૩૯૩૭ રાખવામાં આવેલ છે. ખાસ ખરીદ કરો.

કુંવરજી આણંદજી
વલ્લભદાસ ઉત્તમચંદ
ચીફ સેક્રેટરીઓ.

---

## શ્રી આઠ દ્રષ્ટિની સજ્ઝાય વિગેરે સંગ્રહ.

આ બુકમાં આઠ દ્રષ્ટિની સજ્ઝાય બાળાવબોધ સહિત આપવા ઉપરાંત જુદા વાક્યો ૧૪૫, ગિરનારજીની તીર્થમાળ, આત્મશિક્ષા ભાવના, અધ્યાત્મ બાવની અને દયાછત્રીશી આપવામાં આવેલ છે. આત્મહિતના જીજ્ઞાસુઓને માટે દરેક વસ્તુ ખાસ ઉપયોગી છે. કિંમત છ આના. પોસ્ટેજ દોઢ આનો. આ બુકની નકલ ૫૦૦ અમારી સભાના પ્રમુખ તરફથી તેમના સદ્‌ગત પત્નીના શ્રેયાર્થે ભેટ આપવાની છે, તેથી સાધુ સાધ્વી અને સંસ્થાઓ વિગેરેને ભેટ આપવામાં આવશે. સંસ્થાઓ વિગેરેએ પોસ્ટેજનો માત્ર દોઢ આનો મોકલવો.

## શ્રી વીતરાગ-મહાદેવસ્તોત્ર વિગેરે સંગ્રહ.

આ બુકમાં શ્રી વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશ અને મહાદેવ સ્તોત્ર મૂળ, ભાષાંતર ને અનુવાદ સાથે આપેલ છે. ઉપરાંત કુમારપાળ વિરચિત જિનેંદ્રસ્તુતિનો અને રત્નાકર પચ્ચીશીનો અનુવાદ આપવામાં આવેલ છે. કુમારપાળ ને હેમચંદ્રાચાર્યનો તથા મહારાજ શ્રી બુટેરાયજી ને કપૂરવિજયજીનો ફોટો આપવામાં આવેલ છે. નકલ ૧૦૦૦ અમારા પ્રમુખે તેમના સદ્‌ગત પત્નીના શ્રેયાર્થે છપાવેલ છે. તેથી સાધુ સાધ્વી તેમજ ઉત્તમ શ્રાવક શ્રાવિકાઓ અને સંસ્થાઓને ભેટ આપવામાં આવશે. શ્રાવકો તેમજ સંસ્થાઓ વિગેરેએ પોસ્ટેજનો એક આનો મોકલીને મંગાવવી.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ.

આ બુક અમારા તરફથી હાલમાંજ બહાર પડી છે. તેની અંદર ચૈત્યવંદનો, [illegible], સજ્ઝાયો તથા સ્તુતિઓ વિગેરેનો બહુ સારો સંગ્રહ કરવામાં આવ્યો છે. [illegible] ખાસ અપ્રસિદ્ધ અને નહીં છપાયેલાજ ચૈત્યવંદનાદિ લેવામાં આવ્યા છે. આ [illegible] સાધ્વીજી લાભશ્રીજીનો ઘણોજ પ્રયાસ છે, તેમના પ્રયાસનુંજ આ પરિણામ [illegible] પેજ ૪૦૦ પૃષ્ઠની પાકા સુંદર પુંઠાથી બંધાવેલી બુકની કિંમત [illegible] રૂ. [illegible] રાખવામાં આવી છે, કારણકે તે બુક છપાવવામાં શ્રાવિકાઓની [illegible] મદદ મળેલી છે. ખરીદ કરીને ખાસ વાંચવા ભણવા લાયક છે. મોટો ભાગ તો [illegible] આપવામાં આવનાર છે. પોસ્ટેજ રૂ. ૦-૪-૦ લાગે તેમ છે. છપાવવામાં [illegible] ટાઇપો વાપરવા ઉપરાંત શુદ્ધતા ઉપર પણ સારૂં ધ્યાન આપવામાં આવેલ છે.

---

## જીવના ૫૬૩ ભેદોનું રંગીન વૃક્ષ.

આ વૃક્ષ જીવના ભેદ સમજવાની ઇચ્છાવાળાને ખાસ ઉપયોગી છે. જીવ-[illegible] વાંચનારને જરૂરનું છે. દરેક જૈનશાળા ને કન્યાશાળામાં બોર્ડ ઉપર [illegible] રાખવા લાયક છે. અમે બોર્ડપર ચોડેલા ચાર આને આપીએ છીએ, [illegible] તેવી રીતે પોસ્ટમાં મોકલાય તેમ નથી. છુટા કાગળના મંગાવનારને માટે [illegible] આના. પોસ્ટેજ અરધો આનો. જરૂર મંગાવો.

---

## પ્રતિક્રમણના હેતુ.

આવૃત્તિ બીજી. કિંમત આઠ આના.

પ્રતિક્રમણ કરનારા દરેક બંધુઓએ–શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરતાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરનાં સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ [illegible] તેમ છે. આવી ઉપયોગી બુક સાધુસાધ્વીઓએ પણ જેઓ એ ગ્રંથ વાંચી ન [illegible] તેમણે વાંચવા યોગ્ય છે.

( હાલમાં બહાર પડ્યા છે )

—: નવા જૈન પંચાંગ :—

સંવત ૧૯૭૯ના ચૈત્રથી સંવત ૧૯૮૦ના ફાગણ સુધીના જૈન શૈલી [illegible] તિથિઓની વધઘટ અને જૈન પર્વોની માહિતી કરનાર. તિથિ પર્વને [illegible] બંધુઓને ખાસ રાખવા યોગ્ય. શ્રી વિજયધર્મસૂરિના ફોટાવાળું.

કિંમત ૦-૦-૨ પાઇ. પોસ્ટેજ ૦-૦-૬

[illegible] શાસ્ત્રીઆાળી જ્ઞાતિના ધારાની નવી બુક ભાવનગર

[illegible]

For Private And Personal Use Only